

# જ્યોતિપુંજ

R.N.I.No. : 11555 / 1966
Vol No. 65 - Issue No. 5
Price Rs. 1/-
August - 2021 Total - 40 Pages

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**૭૧ મી સામાન્ય વાર્ષિક સભા (A.G.M.)**
**રવિવાર. તા. ૨૯-૦૮-૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાકે**
**ઑન - લાઈન ઝુમ (Online Zoom Video Conferencing) પર યોજવામાં આવી છે.**
(સંપૂર્ણ વિગત જુલાઈ ૨૦૨૧ ના અંકમાં પાના નં.-૧૯ પરથી પ્રાપ્ત કરશો.)

## નીરજ ચોપરા

ગોલ્ડન બૉય



ટોકિયો ઓલમ્પિક
ભાલા ફેંક વિજેતા

## PRIDE OF INDIA

ELECTRIC
VEHICLE



legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

## COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

**WHY LEGRAND AT MATCHWELL**

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

**Why 1st Choice ?**

- Energy Distribution upto 6300A
- Control and Command
- Voice Data Images
- Active International Presence.
- World leader in wiring Devices and Cable Management
- Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY

## HINDUSTAN TAPEX COMPANY

**ADMINISTATIVE SHOP :** Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
**PHONE** : 66336766/ 22080067/ 22063916. **TALLKFREE** :- 022-39567272 /373
**E-mail** : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

**DISPLAY SHOWROOM :** Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
**PHONE** : 022-39567627/ 022- 49764924/ **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).**
**E-mail** : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).**

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૬૫ | ૫ | ૨૧-૦૮-૨૦૨૧ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**

**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

**નિલેશ દેસાઈ**

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

DDD

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

DDD

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# નંદી - નટરાજ - પ્રતિક

**તંત્રી સ્થાનેથી**

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

## નંદી

શિવનાં મંદિરોમાં વૃષભ અથવા નંદી હોય જ છે. નંદી એ જીવાત્માનું પ્રતિક છે. નંદીની ડોક વાંકી છે, પણ એની નજર શિવ પર સ્થિર છે. એ સૂચવે છે કે જીવાત્મા સ્વભાવે પ્રભુ તરફ નહીં વળે તો પણ પ્રભુની કૃપા એને પોતાની તરફ ખેંચી રાખશે અને પોતાનું વાહન બનાવશે.

નંદીના બે શિંગડા એ માનવીના રજોગુણ અને તમોગુણના પ્રતિક છે. શિવ આ વૃત્તિઓ ઉપર સવાર થાય છે. એનો અર્થ એ કે શિવમાં તમસ્ નથી કે રજસ પણ નથી. એ બ્રહ્મ છે. સ બ્રહ્મ સ શિવ :।

વૃષભનો બીજો અર્થ છે શ્રેષ્ઠ. શ્રેષ્ઠ એટલે સાક્ષાત્કાર પામેલો, જેની દૃષ્ટિ શિવમાં જ સ્થિર છે એવો, એટલે કે જીવનમુક્ત. જીવનમુક્ત એટલે આનંદ સ્વરૂપ. એટલે તો વૃષભ ને 'નંદી' કહે છે. નંદી એટલે આનંદી. મંદિરમાં શિવનાં દર્શન કરતા પહેલાં નંદીના દર્શન કરવાનાં અને નંદીના બે શિંગડાના બનેલા વર્તુળમાંથી શિવનાં દર્શન કરવાનાં કારણ નંદીમાં સાક્ષાત્કાર પામેલા શ્રેષ્ઠ પુરુષનું પ્રતિક હોઈ આપણે એની સાથે એકાત્મતા સાધવાની છે. આનું નામ સત્સંગ.

યોગમાં નંદી એ આસનનું પ્રતિક છે. આસન જમાવીને બેઠેલો હાઈ-વે પરનો નંદી કોઈ પૂરપાર ગાડી - ટ્રકથી ડરતો નથી, હટતો નથી. આસન જમાવીને બેઠો રહે છે.

## SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

# Authorized Stockists:

## MERSEN

*Expertise, our source of energy*



Solar PV Fuse | Time Delay Fuse | Midget Fast-Acting Fuse | UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) | BS Semiconductor fuse | Semiconductor | SPDs

## D-Link®

Building Networks for People



## નટરાજ

બધાં પ્રતિકોમાં ભવ્ય અને દિવ્યમાં દિવ્ય પ્રતિક 'નટરાજ' છે. ભગવાન શિવનું એ સ્વરૂપ છે. નટરાજના એક હાથમાં ડમરું છે. ડમરું એટલે નાદ. નાદમાંથી ભાષા, સંગીત અને જ્ઞાનની સૃષ્ટિ થઈ.

ડમરું એ સૃષ્ટિનું પ્રતિક છે. નટરાજના બીજા હાથમાં અગ્નિ છે. અગ્નિ બધું સ્વાહા કરે છે. તે લય નું પ્રતિક છે.

આમ 'નટરાજ' શિવના બે રૂપ સૃષ્ટિ ને સંહાર છે. જન્મ્યું તે મરવાનું જ છે એમ એ કહે છે.

નટરાજનો ત્રીજો હસ્ત અભય હસ્ત છે. તે આપણને રક્ષણ અને આશ્વાસન આપે છે, ને પ્રભુની કૃપાની ખાત્રી આપે છે.

નટરાજનો ચોથો હસ્ત ગજ હસ્ત છે. તે હાથીની સૂંઢની પેઠે છાતી પર થઈને નૃત્યમસ્ત પગ ભણી આંગળી ચીંધે છે. તે વિઘ્નહર ગણપતિનું સૂચક છે.

નટરાજનો એક પગ નૃત્યની અદામાં ઉંચો છે. તે કહે છે કે માનવી ઊંચે ચડી શકે છે ને સાક્ષાત્કાર પામી શકે છે.

બીજો પગ અજ્ઞાનના પ્રતિક રૂપ પુરુષની ઉપર અલૌકિક ધારણ જાળવીને ખડો છે. તે બતાવે છે કે આપણા સાચા સ્વરૂપને પામવું હોય તો કૌશલ અને તાકાતથી અજ્ઞાનને વશ કરવું પડશે.

નટરાજની ચારે તરફ અગ્નિ જવાળાઓનું પ્રભામંડળ છે તે પણ નટરાજના નૃત્યની જ સૃષ્ટિ છે. એ બતાવે છે કે પરમાત્માં જ બધું પેદા થાય છે અને પરમાત્માં જ બધું લય પામવાનું છે.

✳ ✳ ✳


|| Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL

**Yoga By Bankim Parikh**

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL

p Pranayam
p Aasanas
p Power Yoga
p Surya Namaskar
p Stretching
p Other Kriyas
p Meditation
p Relaxation & Shavasan
p Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
ESPA
BOSCH
PREMIUM
HAVELLS
Rath Wolf
Falcon
C.R.I. PUMPS
Einhell
SHAKTI
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

# શિવજીના પ્રગટ સ્વરૂપ

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

એમ કહેવાય છે કે જ્યોતિર્લિંગના દર્શન કરવા માત્રથી જ વ્યક્તિને તેના બધા પાપોમાંથી મુક્તિ મળી જાય છે. દૈહિક, દૈવિક તથા ભૌતિક પાપો નષ્ટ થઈ જાય છે. પુરાણો અનુસાર શિવજી જ્યાં-જ્યાં સ્વયંમ પ્રગટ થયા તે બાર જગ્યાઓ પર સ્થિત શિવલિંગોને જ્યોતિર્લિંગોના રૂપમાં પૂજાય છે. એવી માન્યાતા છે કે આ જગ્યાઓ પર ભગવાન શિવ પોતે બિરાજમાન છે અને આ જગ્યાના દર્શન કરવાથી પાપમાંથી મુક્તિ મળે છે. આજે આપણે ભગવાન શિવના એવા જ સ્થાનો વિશે વાત કરીશું.

**(૧) સોમનાથ** : ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવેલું સોમનાથ જ્યોતિર્લિંગને આ પૃથ્વી પરનું પહેલું જ્યોતિર્લિંગ માનવામાં આવે છે. કહેવાય છે કે આ શિવલિંગની સ્થાપના સ્વયં ચંદ્ર દેવ એ કરી હતી. તેનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ મળે છે. આ મંદિરને અત્યાર સુધીમાં ૧૭ વાર નષ્ટ કરવામાં આવ્યું છે અને તેનું પુનઃનિર્માણ પણ કરાયું છે. અહીંના શિવલિંગની જાણીતી કથા એવી છે કે સોમ (ચંદ્રમા નું માનવીય રૂપ) જે ચંદ્રમાના નામથી પણ ઓળખાય છે. તેના વિવાહ દક્ષની ૨૭ પુત્રીઓની સાથે કરવામાં આવ્યા. બધી પત્નીઓમાંથી સોમ રોહિણીને વધુ ચાહતો હતો. આથી બાકી બહેનોએ ચંદ્રના આ ભેદભાવ અંગે દક્ષને ફરિયાદ કરી. આથી દક્ષે સોમને યક્ષ્યા નામનો રોગ થવા અંગે શાપ આપ્યો. ત્યાર બાદ સોમે દક્ષની માફી માગી. દક્ષે સોમ અને રોહિણીને આ જ સ્થાન પર શિવજીનું તપ કરવાનું કહ્યું. બંને જણે વર્ષો સુધી શિવજીનું તપ કર્યું એટલે શિવ પ્રસન્ન થયા. તેમણે કહ્યું કે ચંદ્ર આજથી મહિનામાં પંદર દિવસ વધશે અને પંદર દિવસ ઘટશે. તે સાવ ક્ષય પામશે નહીં. સોમે ત્યાર બાદ તે જગ્યા પર લિંગની સ્થાપના કરી. આથી તે સ્થાન સોમનાથ તરીકે જાણીતું થયું.

**(૨) મલ્લિકાર્જુન** : આ જ્યોતિર્લિંગ આંધ્રપ્રદેશમાં કૃષ્ણા નદીના તટ પર શ્રીશેલ નામના પર્વત પર આવેલું છે. આ મંદિરનું મહત્વ ભગવાન શિવના કૈલાશ પર્વત સમાન કહેવાયું છે. કહેવાય છે કે આ જ્યોતિર્લિંગના દર્શન કરવાથી વ્યક્તિને તમામ પાપોમાંથી મુક્તિ મળે છે અને દૈહિક, દેવિક તથા ભૌતિક તાપ નષ્ટ થઈ જાય છે.

**(૩) મહાકાલેશ્વર** : આ જ્યોતિર્લિંગ મધ્ય પ્રદેશના ઉજ્જૈન નગરના ક્ષિપ્રા નદીના તટ પર સ્થિત છે. મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ વિશેષતા છે કે તે એકમાત્ર દક્ષિણમુખી જ્યોતિર્લિંગ છે. ત્યાંની ભસ્મારતી વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. લોકોનું માનવું છે કે તે જ ઉજ્જૈનની રક્ષા કરી રહ્યા છે.

**(૪) ઓમકારેશ્વર** : આ જ્યોતિર્લિંગ મધ્ય પ્રદેશમાં નર્મદા કિનારે માન્ધાતા પર્વત પર સ્થિત છે. કહેવાય છે કે તેના દર્શનથી પુરુષાર્થ ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે. આ જ્યોતિર્લિંગ ઓંકાર અર્થાત ઓમના આકારમાં છે આ કારણે તેને ઓમકારેશ્વરના નામથી ઓળખવામાં આવે છે.

**(૫) કેદારનાથ** : આ જ્યોતિર્લિંગ હિમાલયના કેદારનાથ નામના પહાડ પર સ્થિત છે. અલકનંદા તથા મંદાકિની નદીઓના તટ પર સ્થિત છે. બાબા કેદારનાથનું મંદિર બદ્રિનાથના માર્ગમાં સ્થિત છે. કેદારનાથનું વર્ણન સ્કન્દ પુરાણ અને શિવ પુરાણમાં મળે છે.

**(૬) ભીમાશંકર** : ભીમાશંકર જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રના પૂના જિલ્લામાં સહ્યાદ્રિ નામના પર્વત પર સ્થિત છે. ભીમાશંકર જ્યોતિર્લિંગને મોટેશ્વર મહાદેવ નામથી પણ ઓળખવામાં આવે છે. આ મંદિરની માન્યતા છે કે જો ભક્ત શ્રદ્ધાથી આ મંદિરના રોજ સવારે સૂર્યોદય થયા બાદ દર્શન કરે તો તેના સાત જન્મોના પાપ દૂર થઈ જાય છે.

**(૭) વિશ્વનાથ** : આ શિવલિંગ કાશીમાં સ્થિત છે. કહેવાય છે કે હિમાલયને છોડીને ભગવાન શિવે અહીં સ્થાયી નિવાસ બનાવ્યો હતો. એવું કહેવાય છે કે

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

- ★ Diabetes Patients
- ★ Cancer Patients
- ★ Heart Patients
- ★ Senior Citizen
- ★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

પ્રલયકાળે પણ આ નગર પર કોઈ અસર નહોતી થઈ. આ માટે બધા ધર્મ સ્થળોમાં કાશીનું વધારે મહત્વ કહેવાય છે.

**(૮) ત્ર્યંબકેશ્વર :** આ જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રના નાસિકથી ૩૦ કિ.મી. પશ્ચિમમાં ગોદાવરી નદીની નજીક સ્થિત છે. આ જ્યોતિર્લિંગની સૌથી નજીક બ્રહ્માગિરિ નામનો પર્વત છે. આ પર્વતથી ગોદાવરી નદી શરૂ થાય છે. ભગવાન શિવનું એક નામ ત્રંબકેશ્વર પણ છે.

**(૯) બૈજનાથ :** ઝારખંડના સંથાલ પરગનાના દુમકા નામના જનપદમાં આ શિવલિંગ સ્થિત છે. કહેવાય છે કે રાવણ તપના બળથી શિવલિંગને લંકા લઈ જઈ રહ્યો હતો પરંતુ રસ્તામાં વિચ્છેદ આવી જવાના કારણે શરત અનુસાર શિવજી અહીંયા જ સ્થાપિત થઈ ગયા.

**(૧૦) રામેશ્વર :** આ જ્યોતિર્લિંગ તામિલનાડુ રાજ્યના રામનાથ પુરં નામના સ્થાનમાં સ્થિત છે. કહેવાય છે કે લંકા પર આક્રમણ કરતા પહેલા ભગવાન રામે શિવલિંગની સ્થાપના કરી હતી. ભગવાન રામ દ્વારા સ્થાપિત હોવાના કારણે આ જ્યોતિલિંગને ભગવાન રામનું નામ રામેશ્વરમ્ આપવામાં આવ્યું છે.

**(૧૧) નાગેશ્વર :** ગુજરાતમાં દ્વારકાપુરીથી ૧૭ માઈલ દુર આ જ્યોતિર્લિંગ આવેલું છે. કહેવાય છે કે ભગવાનની ઈચ્છા અનુસાર જ આ જ્યોતિર્લિંગનું નામકરણ કરવામાં આવ્યું છે. માન્યતા અનુસાર જે પણ વ્યક્તિ પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે અહીંયા દર્શન માટે આવે છે તેની બધી જ શુભકામનાઓ પુરી થાય છે.

**(૧૨) ધુશ્મેશ્વર :** મહારાષ્ટ્ર રાજ્યમાં દૌલતાબાદથી ૧૨ કિ.મી. દૂર બેરૂલ ગામમાં આ જ્યોતિર્લિંગની સ્થાપના થઈ છે. તેને ધૃસણેશ્વરના નામથી પણ ઓળખાય છે. દૂર-દૂરથી લોકો અહીંયા દર્શન માટે આવે છે અને આત્મિક શાંતિ પ્રાપ્ત કરે છે. ✱✱✱

# રુદ્રી શું છે ?


**- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લક્ષ્ફાપારેખ)**

રુદ્રી વિશે આપણે બધાએ ક્યાંય ને ક્યાંક તો સાંભળ્યું જ હશે કે આ શિવમંદિરમાં આજે રૂદ્રી છે. લઘુરુદ્ર છે. બ્રાહ્મણો તેમજ શિવ ઉપાસકો માટેનો શિવને પ્રસન્ન કરવા માટેનો ઉત્તમ પાઠ એટલે રુદ્રી.

રુદ્રી વિશે કહેવાય છે કે

'રુત દ્રાવ્યતિ ઈતિ રુદ્ર'

એટલે કે, રુત એટલે કે દુઃખ અને દુઃખનું કારણ, તેને જે દૂર કરે છે, નાશ કરે છે તે રુદ્ર છે અને આવા શિવના રુદ્ર સ્વરૂપને પ્રસન્ન કરવા માટેની સ્તુતી એ રુદ્રી.



વેદોમાં રુદ્રી અંગેના જે મંત્રો છે, તેને શુક્લ યજુર્વેદીય, કૃષ્ણ યજુર્વેદીય, રુગ્વેદીય મંત્રો કહે છે. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શુકલ યજુર્વેદીય રુદ્ર મંત્રો વધારે પ્રચલિત છે.

રૂદ્રની આ સ્તુતી, રુદ્રીમાં મુખ્ય આઠ અધ્યાય હોવાથી તનો અષ્ટાધ્યાયી કહે છે. આ સ્તુતીમાં રુદ્રની જે મુખ્ય આઠ મૂર્તિઓ છે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ચંદ્ર, સૂર્ય અને આત્મા. તેના સ્વરૂપોનું વર્ણન છે.

**સ્થૂળ રીતે આ અધ્યાયોમાં**

- પ્રથમ અધ્યાય ગણપતિની સ્તુતી છે.
- બીજા અધ્યાયમાં ભગવાન વિષ્ણુની સ્તુતી છે.
- ત્રીજા અધ્યાયમાં ઈન્દ્રની સ્તુતી છે.
- ચોથા અધ્યાયમાં સૂર્યનારાયણની સ્તુતી છે.
- પાંચમાં અધ્યાય તે હાર્દ છે તેમાં રુદ્રની સ્તુતી છે.
- છઠ્ઠા અધ્યાયમાં મૃત્યુંજયની સ્તુતી છે.
- સાતમાં અધ્યાયમાં મરૂત દેવતાની સ્તુતી છે અને
- આઠમાં અધ્યાયમાં અગ્નિ દેવતાની સ્તુતી છે.

TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES






CABLE GLAND




FANS




CONCEALED METAL BOX




SWITCHES

& MANY MORE PRODUCTS TO BE LAUNCHED

ESTD : 1958

PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com

Distributors :
POLYCAB
WIRES & CABLES

આમ આઠ અધ્યાયમાં તમામ દેવતાની સ્તુતી થઈ જાય છે. શિવ સર્વ દેવોમાં વ્યાપ્ત હોય તેમજ શિવલિંગમાં સર્વ દેવોનો સમાવેશ થઈ જતો હોય શિવલિંગ પર અભિષેક કરતા આ આઠે-આઠ અધ્યાય બોલી શકાય છે. પંચમ અધ્યાયે કે જે આ સ્તુતીની મુખ્ય ભાગ છે, તેમાં ૬૬ મંત્ર છે. એક થી ચાર અધ્યાય ત્યારબાદ પાંચમાં અધ્યાયનું અગિયાર વખત આવર્તન અને ત્યારબાદ છ થી આઠ અધ્યાયના પઠનથી એક રુદ્રી થઈ ગણાય. મુખ્ય વસ્તુ રુદ્રના પાંચમાં અધ્યાયનો અગિયાર વખત પાઠ કરવો એ હોય તેને એકાદશીની પણ કહે છે. શિવ સમક્ષ આ પાઠ ચોક્કસ આરોહ-અવરોહ અને શુધ્ધ ઉચ્ચારણથી બોલવામાં આવે તેને પાઠાત્મક રુદ્રી કહે છે. આ પઠનની સાથોસાથ શિવલિંગ પર જલ કે અન્ય દ્રવ્યનો અભિષેક ચાલુ હોય તો તેને રુદ્રાભિષેક કહે છે અને આ રીતે યજ્ઞ કરતા હોય તો હોમાત્મક રૂદ્રી થઈ ગણાય.

પાંચમાં અધ્યાયનું સળંગ ૧૧ વખત આવર્તન લેવાને બદલે તેનો આઠમાં અધ્યાય સાથે સંપુટ લેવાની પદ્ધિતિને નમક-ચમક કહે છે. હવે જો પંચમ અધ્યાય ૧૨૧ વખત આવર્તન થયો હોય તો તેને લઘુરુદ્ર કહે છે.

- લઘુરુદ્રના ૧૧ આવર્તનને મહારૂદ્ર કહે છે.
- મહારુદ્રના ૧૧ આવર્તનને અતિરૂદ્ર કહે છે.
- રુદ્રના ૧ પાઠથી બાળકોના રોગ મટે છે.
- રુદ્રના ૩ પાઠથી મુશ્કેલીમાંથી મુક્તિ મળે છે.
- રુદ્રના ૫ પાઠથી ગ્રહોની નકારાત્મક અસર થતી નથી.
- રુદ્રના ૧૧ પાઠથી ધનલાભ તથા રાજકીય લાભ મળે છે.
- રુદ્રના ૩૩ પાઠથી ઈચ્છાઓ પૂર્તિ થાય છે તથા શત્રુનાથ થાય છે.
- રુદ્રના ૯૯ પાછથી પુત્ર, પૌત્ર, ધન, ધાન્ય, ધર્મ, અર્થ તથા મોક્ષ પ્રાપ્તિ થયા છે.

રુદ્રાભિષેક એ શિવ આરાધનાની સર્વ શ્રેષ્ઠ રીત કેમકે વૈદિક મંત્રોના શ્રવણ અને મંદિરની ઊર્જાથી સાધક તન્મય થઈ જતો હોય. સાધકમાં શિવ તત્વનો ઉદય થાય છે.

આ ઉપરાંત ભગવાન શ્રીકૃષ્ણએ મહાભારતના યુધ્ધ વખતે અર્જુનને બતાવેલ ૧૧ મંત્રોના સમૂહને 'પુરાણોક્ત રુદ્રાભિષેક' કહે છે. આ પાઠ ૧૧ વખત કરવાથી એક રુદ્રીનું ફળ મળે છે. ઉચ્ચાર સરળ હોય હાલમાં આ પાઠ લોકોમાં વધારે પ્રચલિત છે. આમ છતાં વેદ મંત્રોની રુદ્રીની મજા જ અનેરી છે.

સમય અભાવે કે અન્ય કારણોસર જો વૈદિક રુદ્રીના પાંચમાં અધ્યાયના ૧૧ પાઠ થઈ શકે તેમ ન હોય તો સળંગ પાઠ કરવો. તેમાં આધ્યાત્મિક રીતે વ્યક્તિના મન-બુદ્ધિ-કવચ-હૃદય-નેત્ર તેમજ રિલેશનની બાબતો નિર્મળ થાય તેવી વૈદિક રુચાઓ હોય. શુક્લ યજુર્વેદી વૈદિક રુદ્રીનો સળંગ પાઠ કલ્યાણકારી છે.

MMM


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યકત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક – એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

**શો-રૂમ : શૉપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ ઍકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫**

# ભગવાન ભોલેનાથની અજાણી વાતો કદાચ તમે ક્યારેય નહી વાંચી હોય કે સાંભળી હોય....

- તંત્રી મંડળ તરફથી

ભગવાન શિવનાં મંદિરને શિવાલય અથવા શિવમંદિર કહેવામાં આવે છે. બીજી એક એ પણ ખાસિયત છે કે અન્ય દેવી દેવતાઓનું સ્થાપન મંદિરોમાં મૂર્તિ સ્વરૂપે થાય છે પરંતુ અજન્મા એવા ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે. ભગવાન શિવ તો એવા દેવ છે કે જેમણે હંમેશા માણસોની વસ્તીથી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવાલયો પણ જંગલ અથવા તો ગામથી થોડા દુર જોવા મળે છે.

મહાદેવનાં શણગાર તથા પૂજનવિધીમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે. જેમાં વનનાં ફુલો, ધતુરો, બીલીપત્ર, રૂદ્રાક્ષ શણગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન, વાહનમાં પોઠીયો, વગાડવામાં ડમરૂ, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે. પૂજનવિધીમાં પાણીનો લોટો અને થોડા બિલીપત્રનાં પાન. શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી. પથ્થરનાં ઓટલે, ઝાડની નીચે, ડુંગરની ટોચે પણ આ ભોળિયોનાથ બીરાજી જાય છે.

સ્વયંભૂ ગણાતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં શંકરને સદાશિવ કહેવાય છે. શિવનું મંદિર શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ જીવનમાં માનવદેહ અને મનનું પ્રતીક અને ભાવના બની રહે છે. સર્વનું કલ્યાણ કરનાર શિવનાં શિવાલયમાં વાસ્તુશાસ્ત્ર-શિલ્પકલાવિધાનમાં તેમજ માનવજીવન માટે આશિષ ગણાતી અષ્ટાંગયોગ કલ્પના સાકાર થાય છે. ગુજરાતનાં પ્રદેશોમાં થતા શિવાલયની રચના (બાંધકામ) નીચે મુજબ છે.

શિવાલયની રચના બે ભાગમાં હોય છે. જેમાં આગળનો ભાગ મંદિર અને અંદરનો ભાગ ગર્ભગૃહ છે.

(ગર્ભાગાર-ગભારો) કહેવાય છે. જેમાં મનુષ્યના જન્મથી અંત સુધીના સંસ્કાર તેમાં પ્રગટ થાય છે.

શિવાલયમાં આગળનાં ભાગમાં કાલ ભૈરવનું સ્થાપન કરવામાં આવે છે. જે યમનું પ્રતીક માનવામાં આવે છે. દેહ સાથે જોડાયેલી મૃત્યુની વાત જન્મતા જ જાણી લેવી જોઈએ. 'જે જોયું તે જાય' એ ચરિતાર્થ કરવા માટે શરૂઆતમાં જ કાલ ભૈરવની મૂર્તિ હોય છે. તે મૃત્યુના પ્રતીક રૂપે છે.

શિવાલયમાં પ્રથમ ભાગ એવા મંદિરમાં પ્રવેશતા પોઠીયાનું સ્થાપન થાય છે. જે પરિશ્રમ અને ભારવહનનાં પ્રતીક તરીકે ઓળખાય છે. તેના સ્થાપન દ્વારા એવુ સમજાવાય છે કે જીવનમાં પોતાના ફાળે આવેલ કોઈપણ કામ લાલચ કે લાલસા વગર કરવું જોઈએ.

શિવાલયમાં પોઠીયા પછી કાચબાનું સ્થાપન કરવામાં આવે છે. કાચબો પોતાની બધી જ બહારની ઈન્દ્રિયોને સંકોરી, પોતાની જાતમાં સમાવી શકે છે. મનુષ્ય માટે પણ બહારની ઈન્દ્રિયો (આંખ, કાન, જીભ, હાથ અને પગ) ઉપર કાબુ અને સંયમ આવશ્યક છે. પોતાની જાત સંકોરી ચાલવાની વાત સમાજમાં પ્રચલિત છે. જે કાચબાનાં સ્થાપન દ્વારા પ્રમાણિત થાય છે.

શિવાલયમાં કાચબાની ડાબી બાજુએ ઉત્તર દિશા બાજુ મુખે ગણેશજીનું સ્થાપન કરવામાં આવે છે. ગણેશ વિઘ્નોનાં હરનાર કહેવાય છે. ગણ-પતિમાં બીજાની નાનામાં નાની વાત સાંભળીને પેટમાં રાખવાની ટેવ, પરિસ્થિતિનો ક્યાસ કાઢતા અને ઝીણી નજરે નીરખવાની ટેવ છે, જે દરેક મનુષ્યમાં હોવી જોઈએ. એ રીતે ગણેશનાં કાન મોટા, આંખ નાની, પેટ મોટું રખાયા છે. તે ઉપરાતં ગણેશ પ્રજ્ઞા-બુદ્ધિના દેવ ગણાય છે. મનુષ્ય માટે બુદ્ધિ જીવન જીવવાની આવડતમાં આવશ્યક વસ્તુ છે.

શિવાલયમાં ગણેશની બરોબર સામેની બાજુ એટલે કે દક્ષિણ દિશા બાજુ મુખે હનુમાનજીનું સ્થાપન કરવામાં આવે છે. હનુમાન બ્રહ્મચર્ય-શક્તિ અને સેવાનાં ઉદાહરણ રૂપે છે. જે મનુષ્યને જીવન જીવવામાં એક આદર્શરૂપ નિવડે છે.

શિવાલયનાં બીજા ભાગમાં ગર્ભદ્વારાનાં ઉંબરે વાઘનાં શિલ્પોનું સ્થાપન કરવામાં આવે છે. ગર્ભદ્વારાનાં ઉંબરાની બન્નેબાજુ વાઘના શિલ્પો કંડારેલા હોય છે. વાઘ ચોક્કસાઈ અને ધારણાવાળું પ્રાણી છે જેનું નિશાન ઘણું

Selected Business Superbrand INDIA 2006 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS




● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

ચોક્કસ હોય છે. જે ભાગ્યે જ ખાલી જાય છે. મનુષ્યે પણ પોતાના જીવનનાં ચોક્કસ ધ્યેયો ચોક્કસાઈથી પાર પાડવા જોઈએ.

શિવાલયનાં ગર્ભાગારની બરોબર વચ્ચે ભગવાન શિવના લિંગની સ્થાપના કરવામાં આવે છે. શિવનાં લિગંના સ્થાપનની એક ખાસ વિશેષતા છે કે ભગવાન શિવ અજન્મા છે. તેથી તેના સ્થાપન સમય તે લિંગનો પ્રવેશ દરવાજેથી થતો નથી પરંતુ તે મંદિરના ગર્ભાગારની ટોચેથી કરવામાં આવે છે. શિવલિંગ હૃદય અને આત્માનું પ્રતીક છે.

શિવાયલમાં શિવલિંગની ફરતે થાળુ અને ઉપર જળધારી તથા સર્પનું સ્થાપન કરવામાં આવે છે. તેમાં થાળુ શિવલિંગની ફરતે ગોળાકાર લિંગના માપ જેટલું વધારે હોય છે. શિવલિંગ ઉપર જે પાત્ર લટકાવવામાં આવે છે તેને જળાધારી કહે છે. જેમાં પાણી ભરીને લિંગ ઉપર સતત અભિષેક થાય છે. આ ઉપરાંત ભક્તો દ્વારા કરવામાં આવતા પાણી અને દુધનાં અભિષેકનાં પ્રવાહીને વહેવા માટેની જગ્યા કરવામાં આવે છે. જેને ઉત્તર દિશમાં ગર્ભાગારની બહાર કાઢવામાં આવે છે. જ્યાં નાની કુંડી કરીને તેમા સમાવી દેવામાં આવે છે. આમ થાળુ અને જળાધારી કુંડલીની શક્તિ (દેહમાં રહેલી આંતરચેતના) દર્શાવે છે. જ્યારે શિવલિંગ ઉપર સર્પ એટલે નાગનું છત્ર હોય છે. જે જાગૃતિ અને ચંચળતાને પ્રગટ કરે છે.

શિવાલયમાં શિવલિંગની બરોબર પાછળ પાર્વતીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે. જે ભક્તિ અને નમ્રતાનાં પ્રતીક રૂપે છે. પાર્વતી શ્રધ્ધા અન ભક્તિના ગુણો પ્રગટ કરે છે. મનના આંતરિક ગુણોમાં ભક્તિ, શ્રધ્ધા, નમ્રતા અને તપ જરૂરી ગણાય છે.

આમ શિવાલયની રચના મનુષ્યનાં જીવનમાં મૃત્યુ, પરિશ્રમ, ઈન્દ્રિય, બુધ્ધિ, સેવા, શક્તિ, જાગૃતિ, શ્રધ્ધા, ભક્તિ, તપ અને મુક્તિની આવશ્યકતા સમજાવવામાં આવી છે. શિવાયલ મનુષ્યના દેહ મનની આવશ્યક ગુણવત્તાનું પ્રતીક બની રહે છે. ભસ્મ અને ચંદન રાગ-વૈરાગ્ય વચ્ચેની સમદ્રષ્ટિ પ્રગટ કરે છે. MMM


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી – અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્બેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

Rakesh Dharia - 9819685882

- Civil
- Carpenter
- Painting
- Aluminium
- P.O.P.Work
- Electric
- Fabricators

*Krish*
INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# ટોક્યો ઓલિમ્પિક ગેઈમ ૨૦૨૧

- તંત્રી મંડળ તરફથી



કોરોના વાયરસના મહામારીને લીધે એક વર્ષના વિલંબ પછી, આખરે ઓલિમ્પિક (Olympic Games Tokyo 2020) ની શરૂઆત થઈ ગઈ છે. જાપાનના ટોક્યોમાં ૨૩ જુલાઈથી રમતોત્સવનો મહાકુંભ પ્રારંભ થઈ ગયો છે.

ટોક્યો ઓલિમ્પિક માટે ભારતીય ખેલાડીઓએ કમર કસી લીધી છે. ૨૩ જુલાઈ થી ૮ ઑગસ્ટ ૨૦૨૧ સુધી થનારી ગેમ્સ માટે ભારતીય ૧૧૫ ખેલાડીઓએ ૧૮ રમતમાં ક્વોલિફાય કર્યું છે. ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં ભારતને માત્ર બે મેડલ મળ્યા હતા. બેડમિન્ટનમાં સિલ્વર જ્યારે કુશ્તીમાં બ્રોન્ઘ મેડલથી સંતોષ માનવો પડયો હતો.

ઓલિમ્પિક ઈતિહાસની વાત કરવામાં આવે તો ભારતીય ખેલાડીઓએ માત્ર બે રમતમાં જ ગોલ્ડ મેડલ જીત્યા છે. ભારતે ઓલિમ્પિકમાં સૌથી વધારે ૧૨ મેડલો હોકીમાં જીત્યા છે. જેની સમરી છે ૭ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર મેડલ અને ૪ બ્રોન્ઝ મેડલ. જ્યારે શૂટિંગમાં એકમાત્ર ગોલ્ડ મેડલ અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮ બીજિંગ ઓલિમ્પિકમાં અપાવ્યો હતો. તે ઉપરાંત અન્ય કોઈપણ રમતમાં ભારતીય ખેલાડીઓને ગોલ્ડ મેડલ અપાવ્યો નથી. તેમજ ભારતીય ખેલાડીઓએ એથ્લેટિક્સ, કુશ્તી, બેડમિન્ટન, બોક્સિંગ, ટેનિસ અને વેઈટલિફ્ટિંગમાં મેડલો જીત્યા છે. આ વખતે ટોક્યો ઓલિમ્પિકસમાં આપણા ખેલાડીઓ પાંચ રમતમાં ગોલ્ડ મેડલ અપાવી શકે છે. આજ અત્યાર સુધીમાં ભારતે ટોટલ સાત ચંદ્રકો પ્રાપ્ત કરી લીધા છે. જેમાં ૧ ગોલ્ડ, ૨ સિલ્વર, અને ૪ બ્રોન્ઝ ચંદ્રક મેળવ્યા છે. આ લેખ તમે વાંચતા હશે ત્યારે તેનું પૂરેપુરું રિઝલ્ટ તમારી સામે આવી ગયું હશે.

**ઓલિમ્પિકનું આદર્શ સ્લોગન :**

વધુ ઝડપે, વધુ ઉંચે, વધુ તાકાતથી અંગ્રેજીમાં કહેવાય છે (સાઈટિયાસ, અલ્ટિયસ અને ફોરટિયાસ) અત્યાર સુધી આ રમતોત્સવ આ ત્રણ સ્લોગનથી રમાતો હતો. તેમાં આ વખતની ઓલિમ્પિકસમાં વધુ એક સ્લોગનનો સમાવેશ કરવામાં આવ્યો છે એ સ્લોગન એટલે કે, એક સાથે (ટુ ગેધર)

રમતગમતના ખેલાડીઓ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ માટે ઓલિમ્પિકસ ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના છે. પરીક્ષામાં અથવા General Knowledge માં ઓલિમ્પિકને લગતા પ્રશ્નો વધુ પૂછવામાં આવે છે. તો ચાલો આપણે જાણીયે આવા કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નો અને તેના જવાબો જે તમને અવશ્ય ગમશે.

પ્ર.-૧ : કયા વર્ષે અને ક્યાંથી ઓલિમ્પિક રમતોની શરૂઆત થઈ ?

જ. : ૧૮૯૬ સમર ઓલિમ્પિક (ગ્રિષ્મકાલીન ઓલિમ્પિક) જે સત્તાવાર રીતે પ્રથમ ઓલિમ્પિક તીરેક ઓળખાય છે. ગ્રીસની રાજધાની એથેન્સમાં આ રમતગમત સ્પર્ધા ૬ એપ્રિલથી ૧૫ એપ્રિલ ૧૮૯૬ દરમ્યાન યોજવામાં આવી હતી.

પ્ર.-૨ : ઓલિમ્પિક રમતો કેટલા વર્ષો પછી યોજાય છે ?

જ. : દર૦૪ વર્ષે યોજાય છે.

પ્ર.-૩ : ઓલિમ્પિક ગેમ્સના જન્મદાતા કોને કહેવાય છે ?

જ. : પિયર ડી કુબર્ટિન (Pierre de Coubertin)

પ્ર.-૪ : મેક્સિકોએ કયા વર્ષે ઓલિમ્પિકમાં માસ્કોટ્સની (Olympics Mascot) પરંપરા રજૂ કરી હતી ?

જ. : ૧૯૬૮ માં

પ્ર.-૫ : ઓલિમ્પિકના પાચં રિંગ્સનો વાસ્તવિક અર્થ શું છે ?

જ. : આંતરરાષ્ટ્રિય ઓલિમ્પિક સમિતિ (International Olympic Committee) ના

Mr. BHARAT K. DOSHI
98210 27136

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin / Square D / Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

અનુસાર, આ ઓલિમ્પિક રિંગ્સ રમતની સર્વવ્યાપકતાને રજૂ કરે છે. આ રિંગ્સના રંગો બધા દેશોના રાષ્ટ્રધ્વજમાં દેખાતા રંગોથી મેળ ખાય છે. આ પાંચ રિંગ્સ પાંચ પરંપરાગત ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે. જેમાં આફ્રિકા, અમેરિકા, એશિયા, ઓસ્ટ્રેલિયા અને યુરોપ ખંડ સામેલ છે.

પ્ર.-૬ : ઓલિમ્પિક ગેમ્સમાં કયા દેશની પ્રથમ મહિલાઓએ ભાગ લીધો ?

જ. : પેરિસ (ફ્રાન્સ)

પ્ર.-૭ : ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કોણ કરે છે ?

જ. : આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (International Olympic Committee)

પ્ર.-૮ : ઓલિમ્પિક મશાલ સળગાવવાની શરૂઆત ક્યારે થઈ ?

જ. : ઓલિમ્પિક મશાલ સળગાવવાની શરૂઆત ૧૯૨૮ એમ્સ્ટરડેમ ઓલિમ્પિકથી થઈ હતી.

પ્ર.-૯ : ઓલિમ્પિક ધ્વજ પર લખેલી પાચં જુદી જુદી રીંગમાંથી કયો રંગ આફ્રિકા ખંડને રજૂ કરે છે ?

જ. : કાળો.

પ્ર.-૧૦ : કયા વર્ષે ભારતે ઓલિમ્પિક ગેમ્સમાં પ્રથમ હોકી ગોલ્ડ જીત્યો ?

જ. : ૧૯૨૮ માં

ટોકિયો ઓલિમ્પિક પૂર્ણ થતા પદકવીરો દેશમાં પરત ફર્યા છે. ભારતનું નામ રોશન કરનારા ખેલાડીઓ આજે દેશમાં પાછા ફરતા દિલ્હી એરપોર્ટની બહાર તેમનું ધામધૂમથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. લોકોએ નીરજ ચોપરા, દીપક પુનિયા, બજરંગ પુનિયા, લવલીના બોરગેહેન, રવિ દહિયા અને હોકી ટીમના ખેલાડીઓનું પણ બેન્ડ-બાજા સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. દિલ્હીની અશોકા હોટેલમાં સાંજે સાડા છ વાગ્યે તમામ પદકવીરો અને અન્ય ખેલાડીઓનું સન્માન થયું. નોંધનીય છે આ વર્ષે ભારતે ઓલિમ્પિકમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. પહેલીવાર ભારતે સાત મેડલ જીતીને ટોક્યોમાં તિરંગો લહેરાવી દીધો અને ભારતનું નામ રોશન કરી દીધું.

ભારત માટે ગોલ્ડ મેડલ લાવનાર નીરજ ચોપરાને મળવા લોકો આતુર હતા. નીરજે કહ્યું,'ઘરે પાછા ફરવું ઘણું સારું લાગે છે.' નીરજ ચોપરાના માતા-પિતા સોમવારે વહેલી સવારે પાણીપતથી દિલ્હી આવવા નીકળી ગયા હતા. તેઓ તેમના પુત્રના સ્વાગત માટે એરપોર્ટ પર હાજર હતા. નીરજની માતા ચુરમા સાથે પહોંચી. ભારતનો એકમાત્ર ટ્રેક એન્ડ ફિલ્ડ ઓલિમ્પિક ચેમ્પિયન શનિવારે ઈતિહાસ રચ્યા બાદ ઉત્સવના વાતાવરણમાં ઘરની ધરતી પર ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર ઉતર્યો. નીરજ ભારતનો બીજો વ્યક્તિગત ઓલિમ્પિક ચેમ્પિયન બન્યો.

બ્રોન્ઝ મેડલ વિજેતા કુસ્તીબાજ બજરંગ પુનિયાનું પણ બેન્ડવાજા સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. બજરંગના ચાહકોએ બજરંગના ચહેરા જેવા જ ચહેરા પર પોતાના માસ્ક પહેર્યા હતા. સ્ટાર ખેલાડીઓ સાથે ફોટોગ્રાફ્સ માટે પોઝ આપવા માટે ખેલાડીઓની ભીડ ઊમટી હતી. પુનિયાના સ્વાગત માટે તેમના સમર્થકો અને પરિવાર એરપોર્ટ પર ભેગા થયા હતા. આ પહેલા


## મકાન વેંચવાનું છે

બાલાસિનોર હોળી ચકલા સ્થીત
૪૩.૭ ચોરસવારનું (લગભગ)
૪૧૦ સ્કેવર. ફીટ
ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનું
સંપૂર્ણ લાકડાનું ઘર
કચેરીયા ફેમીલીનું વેંચવાનું છે.

-: સંપર્ક :-
નરેન્દ્ર મણીલાલ કચેરીયા (ઠાસરાવાળા)
ફોન : ૨૩૫૨૨૩૧૧
મોબાઈલ : ૮૫૯૧૩૪૪૬૫૫

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

અન્ય ઘણા મેડલ વિજેતાઓ અને ભારતીય રમતવીરો ઘરે પરત ફર્યા હતા, પરંતુ મીરબાઈ ચાન, પી.વી.સિંધુ, રવિ દહિયા અને લવલીના બાર્ગોહેન આજે અન્ય ખેલાડીઓ સાથે ઘરે પાછા ફર્યા હતા.

સિલ્વર મેડલ વિજેતા રવિ દહિયાનો પરિવાર પણ તેમના પુત્રના સ્વાગત માટે એરપોર્ટ પર હતો. રવિ દહિયાના પિતા કહે છે કે અમારું આખું ગામ ખૂબ ખુશ છે. તે તેમના માટે અદ્‌ભૂત ક્ષણ છે.

ભારતે આ વખતે ૭ મેડલ જીત્યા છે, જે ઓલમ્પિકમાં અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે. એક ગોલ્ડ, બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ આવ્યા છે. નીરજ ચોપરાએ જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ અને વેરા લિફ્ટિંગમાં મીરાબાઈ ચાનુએ સિલ્વર મેડલ જીત્યો હતો. કુસ્તીબાજ રવિ દહિયાએ પણ સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે લવલીના, પી.વી. સિંધુ, પુરુષ હોકી ટીમ અને બજરંગ પુનિયાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. ✳✳✳

## ઓલમ્પિકમાં સુવર્ણ સહિત અનેક મેડલ ભારત દેશને પ્રાપ્ત થયા એનાથી આનંદવિભોર થઈ કવિએ વહેતી મૂકી હૃદયની રસધાર

**- प्रसून जोशी**

एक आसमां कम पडता है, और आसमां मंगवा दो
हैं बेसब्र ये उडानें मेरी, पंख ये नीले रंगवा दो।
स्वप्न करोडो सत्य हो रहे, अब उनका सत्कार करो,
निकल पडा है भारत मेरा, अब तुम जय-जयकार करो ।
जाग गया विश्वास हमारा, अब खुद को पहचाना है,
नस-नस लोहा तार लिए, अब जीत का राग सुनाना है ।
एक समंदर कम पडता है, और समंदर फैला दो,
तूफां भी झुक कर कह देंगे, आओ सागर पार करो ।
निकल पडा है भारत मेरा, अब तुम जय-जयकार करो ।

|| Jay Jay Shree Gokulesh ||

Atul Kadakia
98193 48001 / 70210 44631

Nihar Kadakia
98330 36101 / 83692 44852

FLAT 18% OFF

LYFE MEDICO
CHEMIST & DRUGGIST


REACH US FOR
BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC &
GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS,
DIABETIC MONITORS, BP MONITORS ETC.

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay paytm

FREE HOME DELIVERY


Address : 7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086
Email : lyfemedico@gmail.com




entice



englaze



ORIS



enGem

Tripper™

ELCG + MCB Combination
MCB's & DB's

KEW

LS IS

Authorised Distributors : L&T SWITCHGEAR SAFE & SURE

Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548

Nilesh Kadakia
Mob.: 98192 17375

# V.B.R. ELEC. & ENGG. CO.


27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.

Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

# ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૧ જેવલિન થ્રો એથ્લેટમાં ગોલ્ડ મેડલ જીતનાર નીરજ ચોપરાનો જીવન પરિચય....

- તંત્રી મંડળ તરફથી

નીરજ ચોપરા ભારનતા જેવેલિન ફેંકનાર એટલે કે (બરછી) ફેંકનાર છે. તેમણે તાજેતરમાં ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૧માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને ભાલા ફેંકવાની પ્રતિસ્પર્ધાની ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવી ગોલ્ડ મેડલ જીત્યો. તેમજ પોતાનું અને ભારતનું નામ ઈતિહાસના પાનામાં અમર કરી દીધું છે. તેમણે ફાઈનલના તેમના પહેલા જ પ્રયાસમાં ૮૭.૫૮ મીટરનું અંતર પેંકીને એક રેકોર્ડ બનાવ્યો હતો, જેને કોઈ વટાવી શક્યું ન હતું. બરછી ફેંકમાં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શનને કારણે તેમને સેનામાં પણ સામેલ કરવામાં આવ્યા છે. ચાલો તમને તેમના જીવન વિશે વિગતવાર જણાવીએ.



**નીરજ ચોપરાનો જીવન પરિચય**

| | | |
|---|---|---|
| નામ | : | નીરજ ચોપરા |
| જન્મ | : | ૨૪ ડિસેમ્બર, ૧૯૯૭ |
| જન્મ સ્થળ | : | પાણીપત હરિયાણા |
| ઉંમર | : | ૨૩ વર્ષ |
| માતા | : | સરોજ દેવી |
| પિતા | : | સતીશ કુમાર |
| નેટ વર્થ (આશરે) | : | ૫ મિલિયન ડોલર |
| અભ્યાસ | : | સ્નાતક |
| કોચ | : | ઉવે હોન |
| સમગ્ર વિશ્વમાં ક્રમ | : | ૪ |
| રમત | : | જેવલિન થ્રો |
| ધર્મ | : | હિન્દુ |
| જાતિ | : | હિન્દુ રોર મરાઠા |

નીરજ ચોપરાનો જન્મ ૨૪ ડિસેમ્બર ૧૧૯૭ના રોજ ભારતના હરિયાણા રાજ્યના પાણીપત શહેરમાં થયો હતો. નીરજ ચોપરાના પિતાનું નામ સતીશ કુમાર અને માતાનું નામ સરોજદેવી છે. નીરજ ચોપરાને બે બહેનો પણ છે. ભાલા ફેંકનાર નીરજ ચોપરાના પિતા હરિયાણા રાજ્યના પાણીપત જિલ્લાના નાના ગામ ખંડારાના ખેડૂત છે. જ્યારે તેમના માતા ગૃહિણી છે. નીરજ ચોપરાને કુલ ૫ ભાઈ-બહેન છે, જેમાંથી તો સૌથી મોટા છે.

નીરજ ચોપરાએ પ્રારંભિક અભ્યાસ હરિયાથી કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર તેણે ગ્રેજ્યુએશન સુધીની ડિગ્રી મેળવી છે. પ્રારંભિક અભ્યાસ પૂર્ણ કર્યા પછી, નીરજ ચોપરા બીબીએ કોલેજમાં જોડાયા અને ત્યાંથી તેમણે ગ્રેજ્યુએશન કર્યું.

નીરજ ચોપરાના કોચનું નામ ઉવે હોન છે. જે જર્મનીથી પ્રોફેશનલ જેવેલિન એથ્લેટ રહી ચૂક્યા છે. નીરજ ચોપરા તેમની પાસેથી તાલીમ લીધા પછી ખૂબ જ સારું પ્રદર્શન કરી રહ્યા છે.

નીરજ ચોપરા હાલમાં ૨૩ વર્ષના છે. તેમણે હજુ સુધી લગ્ન કર્યા નથી. તેઓ હવે તેમનું સંપૂર્ણ ધ્યાન માત્ર તેમના મુકામ તરફ કેન્દ્રિત કરી રહ્યા છે. નીરજ ચોપરાએ માત્ર ૧૧ વર્ષની ઉંમરે ભાલા ફેંકવાનું શરૂ કર્યું હતું. પોતાની ટ્રેનિંગને વધુ મજબૂત બનાવવા માટે નીરજ ચોપરાએ વર્ષ ૨૦૧૬માં એક રેકોર્ડ બનાવ્યો જે તેમના માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થયો. નીરજ ચોપારાએ વર્ષ ૨૦૧૪માં પોતાના માટે ભાલો ખરીદ્યો હતો. જેની કિંમત ૭૦૦૦ રૂા. હતી. આ પછી નીરજ ચોપરાએ આંતરરાષ્ટ્રીય સ્તરે રમવા માટે ૧,૦૦,૦૦૦ રૂા. નો ભાલો ખરીદ્યો. ૨૦૧૬ની એશિયન

ચેમ્પિયનશિપમાં નીરજ ચોપરાએ ૫૦.૨૩ મીટરના અંતરે બરછી ફેંકીને મેચ જીતી હતી. તેમણે એ જ વર્ષે IAAF ડાયમંડ લીગ ઈવેન્ટમાં પણ ભાગ લીધો હતો. જેમાં તે સાતમા સ્થાને રહ્યા હતા. આ પછી નીરજ ચોપરાએ તેમના કોચ સાથે ખૂબ જ સખત તાલીમ લેવાનું શરૂ કર્યું અને તે પછી તેમણે નવા રેકોર્ડ બનાવ્યા.

## નીરજ ચોપરાના રેકોડર્સ

વર્ષ ૨૦૧૨માં લખનૌમાં યોજાયેલી અન્ડર ૧૬ નેશનલ જુનિયર ચેમ્પિયનશિપમાં નીરજ ચોપરાએ ૬૮.૪૬ મીટર ફેંકીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. નેશનલ યુથ ચેમ્પિયનશિપમાં, નીરજ ચોપરા વર્ષ ૨૦૧૩માં બીજા સ્થાને રહ્યા હતા અને તે પછી તેમણે IAAF વર્લ્ડ યુથ ચેમ્પિયનશિપમાં પણ સ્થાન મેળવ્યું હતું.

નીરજ ચોપરાએ ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશિપમાં ૮૧.૦૪ મીટરના થ્રો સાથે વય જૂથનો રેકોર્ડ તોડયો હતો. આ સ્પર્ધા વર્ષ ૨૦૧૫માં યોજાઈ હતી.

નીરજ ચોપરાએ વર્ષ ૨૦૧૬માં જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૮૬.૪૮ મીટર ફેંકીને નવો રેકોર્ડ બનાવ્યો હતો અને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

વર્ષ ૨૦૧૬માં નીરજ ચોપરાએ દક્ષિણ એશિયન ગેમ્સના પ્રથમ રાઉન્ડમાં ૮૨.૨૩ મીટર થ્રો ફેંકીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

વર્ષ ૨૦૧૮માં ગોલ્ડ કોસ્ટમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં નીરજ ચોપરાએ ૮૬.૪૭ મીટર ફેંકીને વધુ એક ગોલ્ડ મેડલ જીત્યો હતો.

વર્ષ ૨૦૧૮માં નીરજ ચોપરાએ જકાર્તા એશિયન ગેમ્સમાં ૮૮.૦૬ મીટર ફેંકીને ગોલ્ડ મેડલ જીતીને ભારતનું ગૌરવ વધાર્યું હતું. નીરજ ચોપરા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવનાર પ્રથમ ભારતીય બરછી ફેંકનાર છે. આ સિવાય એ જ વર્ષે એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર નીરજ ચોપરા બીજા ખેલાડી છે. અગાઉ વર્ષ ૧૯૫૮માં આ રેકોર્ડ મિલ્ખા સિંહ બનાવ્યો હતો.

જેવલિન ફેંકનાર નીરજ ચોપરાએ બુધવારે ટોક્યો ઓલિમ્પિકમાં ટ્રેક એન્ડ ફિલ્ડમાં પ્રથમ ઓલિમ્પિક મેડલ માટે પોતાનો દાવો રજૂ કરવા માટે સંપૂર્ણ ભાલા ફેંક સાથે ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. નીરજ ચોપરાએ ૮૬.૬૫ મીટરના પ્રયત્નો સાથે ક્વોલિફિકેશનમાં ટોચનું સ્થાન મેળવ્યું. ઓલિમ્પિક ફાઈનલમાં સ્થાન મેળવનાર પ્રથમ ભારતીય બરછી ખેલાડી બન્યા. જેના કારણે દેશની નીરજ ચોપરા પાસેથી ગોલ્ડ મેડલની આશા મળી હતી.

નીરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦ (Tokyo Olympic Match 2020)

ફાઈનલ મેચ જે ૭ ઓગસ્ટના રોજ સાંજે ૪.૩૦ કલાકે યોજાઈ હતી. આ મેચમાં નીરજે શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો છે અને ભારતના ઈતિહાસના



NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

પાનાઓમાં પોતાનું નામ નોંધાવ્યું છે. તેમણે અંતિમ મેચમાં ૬ રાઉન્ડમાંથી પ્રથમ ૨ રાઉન્ડમાં ૮૭.૫૮ના સર્વોચ્ચ અંતરનો રેકોર્ડ બનાવ્યો હતો. જે આગામી ૪ રાઉન્ડમાં કોઈ ખેલાડી તોડી શક્યા ન હતા. અને અંતે નીરજની સ્થિતિ પ્રથમ ક્રમે રહી અને તેમણે ગોલ્ડ મેડલ જીત્યો.

અગાઉ નીરજ ચોપરાએ જે ગ્રુપમાં ૧૫માં ક્રમે બરછી ફેંકનાર હતા, તેમણે ૮૬.૬૫ મીટર થ્રો ફેંક્યો અને તેમના પ્રથમ પ્રયાસ બાદ ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. ફિનલેન્ડનો લસ્સી એટેલાલો બીજો ફેંકનાર હતા. જેમણે પ્રથમ પ્રયાસ પર આપમેળે ક્વોલિફાય કર્યું હતું.

**નીરજની ચોપરા વર્લ્ડ રેન્કિંગ**

નીરજ ચોપરાની વર્તમાન વર્લ્ડ રેન્કિંગ જેવેલિન થ્રો કેટેગરીમાં ચોથા સ્થાને છે. આ સિવાય તેમણે ઘણા મેડલ અને પુરસ્કારો પણ જીત્યા છે.

**નીરજ ચોપરા પગાર, નેટ વર્થ (પગાર અને નેટ વર્થ)**

હાલમાં નીરજ ચોપરા JSW સ્પોર્ટ્સ ટીમમાં સામેલ છે. પ્રખ્યાત સ્પોર્ટ્સ ડ્રિંક કંપની ગેટોરેડ દ્વારા તેમને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. નીરજ ચોપરાની નેટવર્થની વાત કરીએ તો તેમની નેટવર્થ ૫ મિલિયન ડોલરની આસપાસ છે. નીરજ ચોપરાના પગાર વિશે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. જો કે તેઓ વિવિધ એવોર્ડથી સારી આવક મેળવે છે.

**નીરજ ચોપરાને મળેલા પુરસ્કારો**

| વર્ષ | મેડલ અને પુરસ્કારો |
|---|---|
| ૨૦૧૨ | નેશનલ જુનિયર ચેમ્પિયનશિપ ગોલ્ડ મેડલ |
| ૨૦૧૩ | નેશનલ યુથ ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ |
| ૨૦૧૬ | ત્રીજો વર્લ્ડ જુનિયર એવોર્ડ |
| ૨૦૧૬ | એશિયન જુનિયર ચેમ્પિયનશિપ સિલ્વર મેડલ |
| ૨૦૧૭ | એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ગોલ્ડ મેડલ |
| ૨૦૧૮ | એશિયન ગેમ્સ ચેમ્પિયનશિપ ગોલ્ડન પ્રાઈડ |
| ૨૦૧૮ | અર્જુન એવોર્ડ |

✳ ✳ ✳


ખુશખબર ... ખુશખબર ...

અમને જણાવતા આનંદ થાય છે કે બાલાસિનોરના સુપ્રસદ્ધિ, મનપસંદ તેમજ સ્વાદિષ્ટ ચોળાફળી, મઠીયા અને ખીચિયા પાપડ આપ સર્વેને ઘરે ઘરે પહોંચતા અમે કરીએ છીએ. તો આ સુવિધાનો તમે પણ લાભ લો, અને તમારી સેવા કરવાનો મોકો અમને આપો.
આ સુવિધા અમે સંપૂર્ણ મુંબઈમાં આપીએ છીએ.

**(ઘેર બેઠા પહોંચતા કરવા માટે ઓછામાં ઓછો ઓર્ડર ૧૦૦૦/- રૂપિયાનો હોવો જરૂરી છે.)**

**ખાસ નોંધ : લુહાર ચાલ અને નાગદેવીમાં એક કિલોના ઓર્ડર પણ લેવામાં આવશે.**

**ભાવ પત્રક નીચે મુજબ રહેશે**

| | | |
|---|---|---|
| મઠીયા | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| ચોળાફળી | ૧ કિલો | ૪૫૦/- રૂા. |
| ખીચિયા પાપડ | ૧ કિલો | ૨૫૦/- રૂા. |
| કેળાની વેફર મરીવાળી | ૧ કિલો | ૩૦૦/- રૂા. |
| સક્કરપારા | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| પાપડી ગાંઠિયા | ૧ કિલો | ૩૫૦/- રૂા. |
| તીખી સેવ | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| તીખા ગાંઠિયા | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| ભાવનગરી ગાંઠિયા | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| ફરસી પુરી | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| જીરા ખાખરા | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| ગુજરાતી કચોરી | ૧ કિલો | ૪૦૦/- રૂા. |
| પૌવાનો ચેવડો | ૧ કિલો | ૩૫૦/- રૂા. |
| મોહનથાળ | ૧ કિલો | ૭૦૦/- રૂા. |
| મૈસુર પાક | ૧ કિલો | ૭૦૦/- રૂા. |

**કોન્ટેકટ પર્શન- મૌલિક પટેલ - મોબાઈલ નંબર - 9819131008**
**પૈસા ભરવાની સગવડ**
Gpay દ્વારા Mobile No. – 9819131008 +_ UPI દ્વારા – 9819131008 @kotak

## ઈલેક્ટ્રિક વાહનો હવે વાહનોના ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવવા માટે તૈયાર થઈ રહ્યું છે

**- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

બંધ થઈ જશે પેટ્રોલથી ચાલતા વાહન વહેવારો જેમ કે કાર, બાઈક અને સ્કૂટર. સરકાર ઈલેક્ટ્રિક વાહનોની નીતિ પર કામ કરી રહી છે. નીતિ કમિશને આ વિશે એક રિપોર્ટ તૈયાર કર્યો છે. આ અહેવાલ અનુસાર ભારતમાં ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલર્સ અને ટુ-વ્હીલર્સ પર ભાર આપવા માટે કહેવામાં આવ્યું છે. જો સરકાર આ દિશામાં આગળ વધે, તો પેટ્રોલ અને ડીઝલથી ચાલતા થ્રી-વ્હીલર્સ અને ટુ-વ્હીલર્સ વાહનોના નિર્માણ પર પ્રતિબંધ લાગી જશે અને ફક્ત ઈલેક્ટ્રિક વાહનો જ તૈયાર કરવામાં આવશે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ટ્રાન્સફોર્મેટિવ મોબિલિટી પર સ્ટીયરિંગ કમિટિએ ભારતને ઈલેક્ટ્રિક વ્હીકલનું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માટે ઈન્ટરનલ કમ્બશન એન્જિનવાળા તમામ થ્રી-વ્હીલર્સ અને ૧૫૦ સીસીથી ઓછી ક્ષમતાવાળા તમામ ટુ-વ્હીલર્સ વાહનો પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરવામાં આવી છે.

ઈલેક્ટ્રિક વાહનની આ નીતિ પર આગળ વધવું હશે તો તેને પહેલાં બીજા ઘણા નિર્ણયો લેવા પડશે. તેમાં જૂના વાહનોની સ્ક્રેપિંગ પોલિસીને અપનાવી પડશે. આંકડા અનુસાર, હમણાં દેશમાં જેટલા પણ વાહનો વેચાય છે તેમાંથી ૭૮ ટકા થ્રી-વ્હીલર્સ અને ટુ-વ્હીલર્સ જ હોય છે.

બદલાતા સમયની સાથે એક પ્રકારે વાહનની પરિભાષા પણ બદલાઈ છે. ઈંધણની ખપત અને પેટ્રોલ-ડીઝલના કુવાઓ ખાલી થઈ જવાની ભીતિને ધ્યાનમાં રાખીને હવે નવી ટેકનોલોજી વિકસાવવામાં આવી છે. ઈંધણના વિકલ્પ તરીકે હવે બેટરી આધારીત વાહનો તૈયાર કરવામાં આવી રહ્યાં છે. ત્યારે સરકારે પણ આવા ઈલેક્ટ્રિક વાહનો ખરીદનારને મોટી રાહત આપવાનું નક્કી કર્યું છે.

ભારતની વાત કરીએ તો અહીં દીન-પ્રતિદિન વાહનોની સંખ્યા વધતી જાય છે. જેને કારણે પ્રદૂષણનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. એવામાં ઈલેક્ટ્રિક વાહનો પ્રદૂષણ ઘટાડવા માટે શ્રેષ્ઠ વિકલ્પ બની રહેશે. ત્યારે સરકાર પણ પેટ્રોલ-ડીઝલના બદલે આવા ઈલેક્ટ્રિક વાહનો ખરીદનારનો ઉત્સાહ વધારવા માટે તેમને પ્રોત્સાહન આપવા માંગે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જે લોકો ઈલેક્ટ્રિક કાર અથવા બાઈક ખરીદવાનો પ્લાન બનાવી રહ્યાં છે તેઓને RC બુક પર નહીં લાગે કોઈ ચાર્જ. સીધા શબ્દોમાં જો વાત કરીએ તો જો આ પ્રસ્તાવોને સ્વીકારી લેવામાં આવે તો ઈલેક્ટ્રિક વાહનોના રજિસ્ટ્રેશનને લઈને કોઈ જ ચાર્જ આપવાનો નહીં રહે. ઈ-મોબીલિટીને પ્રોત્સાહન આપવા માટે આ સૂચના જારી કરવામાં આવી છે. તેની પર સામાન્ય જનતા અને તમામ હિતધારકો પાસેથી વિચાર માંગવામાં આવી રહ્યાં છે, ત્યાર બાદ સરકાર તરફથી તેની પર નિર્ણય લઈ શકાશે.

ભારત સરકાર ઈલેક્ટ્રિક ગાડીઓને પ્રોત્સાહન આપવા માટે અનેક પગલાં લઈ રહી છે. ઈલેક્ટ્રિક ગાડીઓની ખરીદીને પ્રોત્સાહન આપવા માટે સબસિડી જેવાં અનેક પગલાં ઉઠાવ્યાં છે. ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી અંતર્ગત રોડ ટેક્સ માફી બાદ રજિસ્ટ્રેશન ટેક્સમાં પણ છૂટ આપવાનો નિર્ણય સરકાર લઈ શકે છે.

ગુજરાત સરકારના અંદાજ અનુસાર રાજ્યમાં ચાર વર્ષમાં ૨ લાખ ઈલેક્ટ્રિક વાહનો દોડશે. જેમાં ૧.૧૦ લાખ ટુ-વ્હીલર, ૭૦ હજાર થ્રી-વ્હીલર અને ૨૦ હજાર જેટલા ફોર વ્હીલર હશે. અનુમાન મુજબ આ પોલિસીથી ૪ વર્ષમાં રૂા. ૫ કરોડના પ્રેટ્રોલ-ડીઝલની બચત થશે. સાથે સાથે ઓછમાં ઓછું ૬ લાખ ટન કાર્બન ઉત્સર્જન પણ અટકશે.,

**ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસીથી શું ફાયદો થશે ?**

તમને સવાલ થશે કે ઈલેક્ટ્રિક વ્હીકલની ખરીદીથી ફાયદો શું ? સૌથી મોટો ફાયદો છે સબસિડી. હા, પોલિસી મુજબ ટુ વ્હીલર માટે રૂા. ૨૦ હજાર, થ્રી વ્હીલર

માટે રૂા. ૫૦ હજાર અને ફોર વ્હીલર માટે રૂા. ૧.૫૦ લાખ સુધી સબસિડી મળશે. પ્રાઈવેટ કે કોમર્શિયલ કોઈપણ વાહન માટે સબસિડી મળશે. પણ સબસિડીની શરત એ છે કે ટુ-વ્હીલરની કિંમત રૂા. ૧.૫૦ લાખ, થ્રી વ્હીલરની કિંમત રૂા. ૫ લાખ ફોર વ્હીલરની કિંમત રૂા. ૧૫ લાખ સુધી જ હોય. જો વાહનની કિંમત આ રકમથી વધુ હશે તો સબસિડી મળશે નહીં.

ઈલેક્ટ્રિક વ્હીકલમાં સૌથી મહત્વની વાત ચાર્જીંગની આવે છે. એટલે કે બેટરી ક્યાં ચાર્જ કરવી? આપને જણાવી દઈએ કે સરકારે ૨૭૮ ચાર્જીંગ સ્ટેશનની અગાઉથી મંજૂરી આપેલી છે. આ ઉપરાંત વધુ ૨૫૦ ચાર્જીંગ સ્ટેશનને મંજૂરી આપવામાં આવશે. એટલે કે રાજ્યમાં કુલ ૫૨૮ ચાર્જીંગ સ્ટેશનનું નેટવર્ક ઉભું કરવાની યોજના છે. પોલિસી મુજબ પેટ્રોલ પંપને પણ ચાર્જીંગ સ્ટેશન માટે મંજૂરી અપાશે. આ ઉપરાંત હાઈવે ટચ હોટલો, હાઉસિંગ અને કોમર્શીયલ બાંધકામોમાં પણ ચાર્જીંગ નેટવર્ક ઉભું કરાશે. ચાર્જીંગ સ્ટેશન બનાવવા માટે રૂા. ૧૦ લાખની મર્યાદામાં ૨૫ ટકા જેટલી કેપિટલ સબસિડી પણ આપવામાં આવશે.

**અન્ય કયા લાભ મળશે ?**

આ સિવાયના બીજા કેટલાક લાભ પણ છે જેમ કે RTO, પાસ ઈ-વ્હીકલને રજિસ્ટ્રેશનમાંથી ૧૦૦ ટકા મુક્તિ મળશે અને જો કેન્દ્ર સરકાર તરફથી કોઈ લાભ મળતો હશે તો એ પણ ખરો જ.

આ પોલિસી બનાવવા મુખ્યા ત્રણ વાતો ધ્યાનમાં રાખીને આ પોલિસી બનાવી છે. (૧) ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ વધારવો (૨) ઈલેક્ટ્રિક મોબિલિટી ક્ષેત્રે યુવા સ્ટાર્ટઅપ અને રોકાણકારોને પ્રોત્સાહિત કરવા (૩) ધૂમાડાથી થતાં વાયુ પ્રદુષણને ઘટાડવું.

ભારત માટે ઈલેક્ટ્રિક વાહન વહેવાર ખૂબ જ મહત્વનો છે કારણ કે આપણે દર વર્ષે લગભગ ૧૦૦ અબજ ડોલર વિવિધ દેશોમાંથી ક્રૂડ ઓઈલની આયાત કરવામાં ખર્ચ કરીએ છીએ. ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરીને આ ખર્ચને ઘટાડી શકાય તેમ છે. MMM

**Dr. Shikha Dharia**
**B.D.S**

Dent Villa
*The Complete Family Dental Care*

**Treatments we offer are:**

A complete dental consultation with digital x-ray.
Complete prophylaxis (clean up) and gum care.
Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
Smile designing and esthetics.
Complete prophylaxis for children.
Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**
9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building,
Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.
**Contact: 8879088330**
Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# એલોપથી - આયુર્વેદ - હોમીઓપેથી

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

જે ચિકિત્સાપ્રયોગ વ્યાધિને શમાવી દે, પણ બીજી એક કે અન્ય વ્યાધિ ઉત્પન્ન ન કરે, તેનું 'શુધ્ધ' ચિકિત્સા ગણાય ? શુધ્ધ ચિકિત્સા એ જ છે, જે વ્યાધિનું શમન કરે છે અને બીજાં અંગો પર વિપરીત અસર કરીને અન્ય વ્યાધિઓ ઉત્પન્ન નથી કરતી !

કોરોના એક નવી બીમારી છે. કોઈપણ સારવાર પદ્ધતિના ચિકિત્સકો તેમાં ગોટે ચડે એ સ્વાભાવિક છે. વળી કોરોના આજની એક અટપટી અત્યંત કોમ્પિલકેટેડ વ્યાધિ છે. સદ્‌નસીબે એલોપથીએ તેની વેક્સિન શોધી, એ સિદ્ધિ નાની નથી. તેનાથી એન્ટિબોડી પેદા કરે છે અને માનવ જિંદગીઓ બચાવે છે. એલોપથી માટે આર એન્ડ ડી (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ) થાય છે. તેથી એલોપથી પાસે લાઈફ સેવિંગ મેડિસિન્સ અને સર્જરી તથા વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પૂરવાર થયેલી સારવાર છે. એલોપથીના માનવજાત પર અગણિત ઉપકાર છે. હ્યુમન બોડીનાં તમામ રહસ્યો કોઈ જ ચિકિત્સા પદ્ધતિ સૌથી વધુ કોઈની પાસે હોય તો એલોપથી પાસે છે.

આયુષ્ય મંત્રાલય દ્વારા આયુર્વેદ, યુનાની અને હોમિયોપથીને થોડું ઘણું પ્રોત્સાહન અપાય છે. હકીકતમાં જમા-ઉધાર પાસાં જોઈએ.

આયુર્વેદ પાસે જૂના-હઠીલા રોગો મટાડવાની ક્ષમતા છે. વાયુ, પ્રકોપ કે એસિડિટી હોય તો આયુર્વેદ પાસે જવાબ છે. સોરાયસિસ કાબુમાં રાખવા આયુર્વેદ ઉપયોગી છે. કમળાની સારવાર માટે આયુર્વેદિક દવા વપરાય છે.

આયુર્વેદ પાસે મુલ્યવાન અમૂલ્ય ઔષધો છે. જે વાત, પિત્ત અને કફ એમ ત્રિદોષનું શમન કરે છે. કહેવાય છે કે શરીરમાં આ ત્રણેયનું સંતુલન હોયતો નવ્વાણું ટકા બીમારીઓ દૂર રહી શકે. તેમાં આર એન્ડ ડી બહુ ઓછું થયું છે. યોગના-પ્રાણાયમના પ્રાથમિક સ્ટેજને લોકભાગ્ય બનાવ્યુ છે. રોજ લીમડાની ગળો અથવા ગિલોય ઉપકારક છે.

મૂળ વાત તો વિસરાઈ ગઈ છે. દરેક સારવાર પદ્ધતિની આગવી વિશિષ્ટતાઓ અને આગવી ખામીઓ હોય છે. વિશિષ્ટતાઓ વધારતા રહીએ અને ખામીઓ દૂર કરતા જઈએ તો તેનો લાભ માનવીને મળવાનો છે.

આ લખવાનો પ્રયાસ એલોપથીનું મહત્વ માણસને યમરાજે ઓલમોસ્ટ પાડા પર બેસાડી દીધો હોય ત્યારે અનેક કિસ્સામાં એલોપથી ડોક્ટર્સ તેને પાડા પરથી ઉતારીને સાજો કરીને ઘરે મોકલે છે.

ન્યુઝ પેપરમાં જણાવ્યું છે કે કે વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે નાગરિકોને સુરક્ષિત કરવા માટે ગુજરાતમાં આયુષ્ય નિમાયકની કચેરી દ્વારા કરેલી કામગીરી કરવામાં આવી હતી. જેના ઘણા સારા પરિણામો પ્રાપ્ત થયા. દર્દીઓને એલોપથી સાથે આયુર્વેદિક સારવાર કોવિડ સારવાર કારગત નિવડી. તેથી દરેક રોગના પ્રમાણ પ્રમાણે વિચારી શકાય ?

એલોપથી અને આયુર્વેદ બંને એકબીજાના પૂરક છે. અમુક સંજોગોમાં એલોપથી જ જોઈએ. નિરોગી રહેવા માટે આયુર્વેદ ખૂબ જ મદદ કરી શકે છે. મેડિકલ સાયન્સ ખૂબ વિકસિત છે અને પ્રમાણ પણ છે. પંરતુ બંને જુદા છે. બંને જુદા જુદા સંજોગોમાં કામ આવી શકે એમ છે. કોઈ જ શાખાનો સાવ છેદ ન ઉડાડી દેવાય.

ચાલો થોડું આયુર્વેદ માટે સમજીએ. આયુર્વેદને ઋગ્વેદના એક ઉપવેદ તરીકે જોવામાં આવે છે. પ્રાચીન ભારતનું ચિકિત્સાશાસ્ત્ર એટલે આયુર્વેદ. આયુર્વેદના ઉદ્‌ભવની બીજી થિયરીમાં સાયન્સ છે. પણ બધાના જ સાયન્ટિફિક પરીણામો નથી. પહેલાની ટ્રેડિશનમાં ઓપરેશનને જુદા જુદા દ્રવ્યો દ્વારા શરીરની આંતરિક શક્તિને મજબૂત કરવા ઉપર ભાર મૂકવામાં આવતો. આયુર્વેદના આઠ અંગો છે. કફ, પિત્ત અને વાયુ એ ત્રણ પ્રકૃતિની માન્યતા ઉપર આયુર્વેદ રચાયેલ છે. રોગો ઉત્પન થાય તેને જો પહેલેથી સમજીને ઉપચાર કરાય તો, હઠીલા રોગો બનતા અટકે અને હઠીલા અને છેલ્લા સ્ટેજના રોગો એલોપથી જ ઉપયોગી બને. આજે પેથોલોજીની મદદથી રેડીયોલોજીની મદદ લઈ હઠીલારોગોનું નિદાન જરૂરી છે પણ પેથેલોજીથી શરૂ થયેલા ચિન્હોમાં આયુર્વેદના ઉપયોગ જરૂરથી કરી શકાય. ***

# માનવીય અવયવોની કુદરતની ઝાંખી

- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

સૃષ્ટિના મહાન સર્જકે માણસના શરીરની અદ્‌ભૂત રચના કરી છે. શરીરનાં આંતરિક અગં-ઉપાંગો દિવસ-રાત અવિરત વિવિધ કામગીરી બજાવતા રહે છે. આ અવયોવોની કામગીરીને લીધે જ માણસ તંદુરસ્ત રહે છે. આ ૨૪ કલાક ચાલતા શરીરચક્રની તેજ રફતારની સૃષ્ટિના સર્જકને પ્રાર્થના કરી નિરાતં જીવ વિચારે છે ખરો ? અગર તમે દુનિયાની જંજાળમાં ગળાડૂબ થઈ જઈ, સર્જન કરેલી વસ્તુઓ પર ચિંતન-મનન નહીં કરો તો અંતતઃ કશું પામી શકવાના નથી.

માટે દુનિયાની માથાકૂટને એક બાજુ મૂકી માત્ર થોડા સમય તમારા સૃષ્ટિના સર્જકને અહેસાસ-અનુભૂતિ કરશો તો કદી અવળા નહીં રહો અને તેને વળગીને રહેશો. કુદરતની કમાલને પામવા આ ૨૪ કલાક સતત કાર્યરત રહેતા આપણા શરીરના કારખાના ઉર્જા-અવયોવોનું કાર્યક્ષત્ર ગજબનું છે.

પ્રથમ આંખ સંબંધી સવારે ઉઠતાં જ માનવીને આસપાસના વાતાવરણનું જ્ઞાન થવા લાગે છે. સામાન્ય માણસ એક મિનિટમાં ૧૨ વખત પાંપણ ખોલ બંધ કરે છે. જો ૧૫ કલાક જાગે તો ૧૧,૨૫૦ વખત આંખ પટપટાવતો રહે છે. આંખો જે કંઈ જુએ છે તેનો સંદેશો મગજને પહોંચાડે છે. માનવીની આંખમાં ‘રોડ' અને ‘ક્રોન' નામના બે પ્રકારના કોશો (Cells) આવેલા છે. ઝળહળતા પ્રકાશમાં વિવિધ રંગો ઓળખવાની કામગીરી ‘ક્રોન' સેલ્સ કરે છે. જ્યારે ઝાંખા પ્રકાશમાં કાળા અને સફેદ રંગને ‘રોડ' સેલ્સ ઓળખી કાઢે છે. સૂઈ જાય છે ત્યારે બંધ આંખની અંદર ડોળાઓ ગોળ ગોળ ફરતા હોય છે. જેને આંખની તેજ રફતાર કહેવાય છે.

હવે કાનની સંબંધી કુદરતની કમાલને જાણીએ. માનવીના કાન ૪૦,૦૦૦ અવાજો ઓળખી શકે છે. ડરામણા અવાજને તો તરત જ ઓળખી કાઢે છે. શરીરનું સમતોલન જાળવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

કાન, આંખ તથા દિલ-હૃદય આ ત્રણે અવયવો જ ૨૪ કલાક ચાલતા શરીર ચક્રમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આંખ જોઈને અને કાન અવાજ સાંભળીને શરીરનું રક્ષણ કરે છે. જ્યારે દિલ-હૃદય, સાચું શું અને ખોટું શું છે, તેનો ભેદ પારખી પોતાની જાતને નુકશાનીથી બચાવી શકે. છોકરાના મગજનું વજન ૧૧ થી ૧૨ ટકા, છોકરીઓથી વધારે એટલે સ્ત્રી કરતાં પુરુષનું માથું બે ટકા જેટલું મોટુ હોય છે. મગજની અંદર વાહિનીઓ, એકબીજા સાથે જોડાયેલી હોય છે. જે આંખ, કાન, નાક તથા ચામડી મારફત મળતા સંદેશાઓના વહનને ઝીલે છે.

આ ઉપરાંત માણસના શરીરમાં સિરકડિયન નામક એક તાલબદ્ધ ઘડિયાળ આવેલું છે. જેનું સંચાલન મગજના તળિયે રહેલું હાયપોથેલમ કરે છે. મગજની આ કામગીરી ૨૪ કલાક ચાલે છે. જે આ ઘડિયાળ અર્ધજાગૃત અને જાગૃત અવસ્થાનું સંચાલન કરે છે. સાંજે હોર્મોનનું પ્રમાણ શરીરના તાપમાનને ઘટવાથી થાક અનુભવે છે. મગજના પાંચ પ્રકારના કાર્ય ચાલુ જ હોય છે.

કુદરતના સર્જનહારની દયા દ્રષ્ટિ અને ઉદારદિલીનો જેટલો આભાર વ્યક્ત કરીએ એટલો ઓછો છે. આ ઉપરાંત કુદરતની આવી તો અનેક કમાલો છે. આંગળાનાં નિશાન જેને ફિંગર પ્રિન્ટ કહે છે. જે માનવીનાં અંગો પરથી પ્રદર્શિત થાય.

કુદરતે આપણને બધુ ફ્રી માં આપ્યું છે. તેથી તેની જાળવણી, કદર અને ધન્યવાદ આપવા એ શું આપણી ફરજ નથી. તેથી જ યોગ્યતા માટે ‘પહેલું સુખ તે જાતે નર્યા' ના પ્રાધ્યાન આપ્યું છે. ***

# ખુમારી અને ખાનદાની લોહીમાં હોય, એના વાવેતર ના હોય

(સંકલન) - **પ્રવીણભાઈ દેસાઈ**

મિત્રો આજે હું તમને એક એવી સત્ય ઘટના જણાવવા જઈ રહ્યો છું જે જાણ્યા બાદ કદાચ તમે સમજી શકશો કે જીવન જીવવું હોય તો કેવી રીતે જીવાય.

એક નાનું અમથુ ગામ હતું અને ગામમાં ચાર લંગોટીયા મિત્રો. સતત સાથે જ હોય. પોતપોતાના કામ પતાવી ચારે જણા રોજ મળે અને સુખ દુઃખની વાતો કરે. આ ચાર મિત્રોમાંથી એક મિત્રની આર્થિક સ્થિતી થોડી નબળી હતી. બાપુજીનું નિધન થઈ ગયું હતું અને બીજી બે નાની બહેનો હતી.

કુદરતના એવા લેખ હશે કે એ મિત્રનું અકસ્માતમાં અકાળે નિધન થઈ ગયું. ઘરમાં કોઈ કમાણી રહી નહી. ઘરનો તમામ બોજ વૃદ્ધ માતાના શિરે આવી ગયો અને બે બહેનોના લગ્ન પણ કરવાનાં બાકી હતા.

પણ કહેવાય છે ને મિત્રતાથી મોટો કોઈ સંબંધ નથી હોતો. બાકી વધેલા ત્રણ મિત્રોમાંથી એક મિત્ર દ્વારા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું. સારામાં સારા કલાકારો અને સાહિત્યકારોને આમંત્રિત કરવામાં આવ્યા. આજુબાજુના ગામડાઓમાં ડાયરાના આયોજનનો પ્રચાર કરવામાં આવ્યો. નક્કી કરેલી તારીખે ડાયરાની રમઝટ જામી અને ત્રણ મિત્રોમાંથી જે આર્થિક સંપન્ન હતો જેના દ્વારા ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું કહેવાય છે કે તે મિત્ર દ્વારા ડાયરામાં ૩૨ લાખ રૂપિયાની છોળો ઉડાડવામાં આવી. આ જોઈને આજુબાજુના ગામમાંથી આવેલા લોકો દ્વારા પણ રૂપિયાની લ્હાણી કરવામાં આવી.

એવામાં વાત વહેતી થઈ ગઈ કે પોતાના મરણ પામેલા મિત્રની મદદ કરવા માટે એક મિત્ર દ્વારા ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે પછી તો પૂછવું જ શું. જેમ જેમ રાતનો પહોર ચડતો ગયો અને ડાયરાની રમઝટ જામતી ગઈ તેમ તેમ રૂપિયાનો વરસાદ થતો ગયો.

જ્યારે આ વાતની ખબર ડાયરાના કલાકારોને થઈ ત્યારે એમના દ્વારા પણ ડાયરા પેટે પોતાનું મહેનતાણું જતું કરીને માત્ર ૫૧ રૂપિયા ચાર્જ લીધો અને જ્યારે ડાયરો પૂરો થયો ત્યારે એ રૂપિયા ભેગા કરીને ગણતરી કરી તો ૭૮ લાખ જેવી રકમ જમા થઈ ગઈ હતી. જે રૂપિયા એ ખાનદાની યુવાન દ્વારા પોતાના મિત્રની ઘરડી માં ને સોંપવામાં આવ્યા અને એ યુવાને કીધું કે મા આ રૂપિયાથી મારી બે બહેનોના ધામધૂમથી લગ્ન કરજો અને લગ્ન પછીના પણ જે વ્યવહાર હશે ત્યારે તમારો આ દિકરો આજે પણ જીવે જ છે. કોઈપણ કામ હોય ને ત્યારે દિકરો સમજી હુકમ કરજો.

ગામમાં જ્યારે આ વાત વાયુવેગે પ્રસરી અને એ જુવાનને પૂછવામાં આવ્યું કે તું આર્થિક રીતે સંપન્ન છે તો તું સીધી મદદ કરીને રૂપિયા આપી શક્યો હોત ત્યારે એ જુવાન કીધેલા શબ્દો ખરેખર અદ્દ્ભૂત હતા. જુવાને કીધુ કે જો મેં સીધી જ મદદ કરી હોત તો કદાચ એ રૂપિયા પર મારો હક રહી જાત અને ભવિષ્યમાં કદાચ મારાં સંતાનો પણ એ હક જતાવત. પણ મેં ડાયરામાં રૂપિયા ઉડાડયા એટલે હવે એ રૂપિયા પર મારો કોઈ હક નથી રહ્યો અને ડાયરાનું આયોજન કરવાથી મારા મિત્રની માતાને બીજા લોકો દ્વારા પણ મદદ મળી રહી. બાકી હું તો કાયમ એ મા નો દિકરો છું.

ખરેખર જીવનમાં જો આવા મિત્રો હોય ને તો જ સાચું.
ખાનદાની લોહીમાં હોય છે એનું ક્યાંય વાવેતર નથી થતું

ધન્ય છે એ જુવાનની જનેતાને કેમકે હોવું એ મહત્વનું નથી પણ આપી શકવાની હિંમત હોવી એ મહત્વનું છે. બાકી લોકો પાસે ચાર પૈસા થઈ જાય ત્યારે એ બીજા લોકોને કાંઈ ગણતા જ નથી હોતા. CCC

# શ્રી યમુના મહારાણીજીનું મહત્વ

**- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)**

એક સમયની વાત છે શ્રાદ્ધ પક્ષમાં અમાસના દિવસે વ્રજવાસીઓ પ્રાતઃકાળે પિતૃતર્પણ કરવા યમુનાજીના કિનારે બ્રાહ્મણોને લઈને ગયા છે.

તે સમયે રાધાકૃષ્ણ, સખીઓ તથા ગોવાળિયાઓ પણ યમુનાજીના કિનારે પધાર્યા છે. નંદબાબા એ શ્રી કૃષ્ણને કહ્યું કે યમુનાજીના કિનારે જે માટીના પિંડ બનાવીને મૂક્યા છે તે યમુનાજીમાં પધરાવો છો.



જેવા શ્રી કૃષ્ણ પિંડ યમુનાજીમાં પધરાવવા ગયા તે પિંડ લેવા અનેક હાથ બહાર નીકળ્યા. તે જોઈને વ્રજવાસીઓ આશ્ચર્ય ચકિત થઈ ગયા.

ત્યારે પ્રભુ શ્રી કૃષ્ણે યમુનાજીને કહ્યું, 'હું આમાંથી કોને પિંડ અપર્ણ કરું?' આ તો ઘણાં બધાં છે ત્યારે યમુનાજીએ કહ્યું, 'હે પ્રભુ વ્રજવાસીઓ એ જ્યારથી રાધાકૃષ્ણનું શરણું ગ્રહણ કર્યુ છે ત્યારથી તેમના પિતૃઓ તો અક્ષર ધામમાં પહોંચી ગયા છે.'

જેના કુળમાં જો એક જીવ રાધાકૃષ્ણનું શરણ ગ્રહણ કરે તો તેની ૭૧ પેઢીઓ સ્વર્ગમાં જઈને વસે છે તેમાં સંશય નથી.

વ્રજવાસીઓના કુળમાં તો કોઈ પિંડ લેવા વાળું છે જ નહિં. ત્યારે પ્રભુએ કહ્યું કે,'આ બધા કોણ છે ?'

ત્યારે શ્રી યમુના મહારાણી કહે છે કે આ બધા મારા ભાઈના (યમરાજ) ના ગામવાળા છે. તેઓ તમારા હાથે પિંડ લેવા આવ્યા છે. જેથી તેમનો જન્મ મરણનો ફેરો દુર થાય. ત્યારે પ્રભુએ કહ્યું, 'તેમને કોણે ચેતાવ્યા ?' ત્યારે યમુનાજી કહે છે કે મેં ચેતાવ્યા.

ત્યારે પ્રભુએ કહ્યું કે, 'તમે મારા સાચા સ્વરૂપને જાણો છો. આ જગતમાં તમે ખુબ પવિત્ર કહેવાશો.... કહો તમને શું વરદાન આપું ?'

યમુનાજી કહે છે મારો અંગીકાર કરો.

ત્યારે પ્રભુ કહે છે કે હું તમારો અંગીકાર કરું છું અને વરદાન આપું છું કે વ્રજમંડળના શ્રી યમુનાજી છે તેમાં અક્ષરાતીતનો આવેશ આવશે અને તમે શ્રી રાધેની જેમ મહારાણીજીની સમાનતા એ પુજનીય કહેવાશો. અને જ્યારે હું દ્વારકાનો રાજા બનીશ ત્યારે ભગવાન વિષ્ણુ આવશે... ત્યારે તમને મારી પટરાણી બનાવીશ. આમ પ્રભુએ યમુનાજીને વરદાન આપ્યું.

હું આજ્ઞા કરું છું કે આ વ્રજ મંડળમાં યમુનાજીના કિનારે કોઈ પિંડ દાન કે શ્રાધ્ધ નહીં સરાવે અને જે કોઈ આ યમુનાજીમાં સ્નાન કરશે તેને પોતાના પિંડ લેવાની જરૂર નહી પડે અને જે મારું યુગલ સ્વરૂપનું (રાધાકૃષ્ણ) શરણું ગ્રહણ કરશે તેમના કુળમાં કોઈને પિતૃતર્પણ, પિંડદાન કે શ્રાધ્ધ કરવાની જરૂર નહીં પડે....

**બોલો શ્રી રાધાકૃષ્ણ કી જય**

**શ્રી યમુના મહારાણી કી જય**


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**





# ગણતિબાપા મોરિયા

- **શ્રી હેમંતભાઈ**

એક નાનકડી છોકરી હતી. એનું નામ મીનુ હતું. મીનુ સોસાયટીમાં રહે એ સોસાયટીમાં ગણપતિબાપાનું દસ દિવસ માટે આગમન થાય. ગણપતિબાપા તો વિઘ્નહર્તા દેવ. દસ દિવસ 'ગણપતિબાપા મોરિયા'નો જયઘોષ થાય. પૂજા, આરતી, પ્રસાદ મજા જ મજા.

એક દિવસની વાત છે. આરતી કરતાં કરતાં મીનુને વિચાર આવ્યો કે દસ દિવસ ગણપતિબાપા તો મિઠાઈ જ ખાતા હોય. લાડુ, બરફી, પેંડા તો ગણપતિબાપાને ડાયાબિટીસ તો નહીં થઈ જાતું હોય ને ? તે ઉપરાંત નાના અમથા ઉંદરમામા પર ગણપતિબાપા સવાર થઈને આવે તો ઉંદરમામા ચગદાઈ તો નહીં જાતા હોય ને ? આવડા નાના ઉંદરમામા ગણપતિબાપાનો ભાર કેવી રીતે ઉપાડતા હશે ? ગણપતિબાપા ભાદરવા સુદ ચોથને દિવસે આવે અને આપણે જ્યાં બેસાડીએ ત્યાં ચૂપચાપ દસ દિવસ બેઠા રહે. ન કંઈ બોલે કે ચાલે. આવું તો સ્કૂલમાં થાય. ટીચર આવે ને બધા સ્ટુડન્ટસ ચૂપચાપ બેઠા રહે. તો શું આપણી સોસાયટી ગણપતિબાપા માટે સ્કુલ જેવી હશે ? આમ દસ દિવસ એકલા બેસીને ગણપતિબાપા કંટાળી નહીં જતા હોય ? સમય પસાર કરવા માટે પણ કંઈ નહીં. એક ઉંદરમામા હોય, પણ એમની સાથે પણ રોજ રોજ શું વાત કરવી? દસ દિવસમાં ગણપતિબાપાને એમના મમ્મી, પપ્પાની યાદ નહીં આવતી હોય ? અને દસ દિવસ કેટલો અવાજ ! એમના કાન ફાટી જ જતા હશે અને દસ દિવસ પછી આપણે ગણપતિબાપાનું તળાવ કે નદીમાં ડુબાડીને વિસર્જન કરી દઈએ. તો બાપા તો કંઈ બોલ્યા વગર ડૂબી પણ જાય. તો એમને કંઈ થતું નહીં હોય ? થતું હોય તો પણ કોને કહે ? મીનુને આ બધા સવાલો બહુ પજવે. એને તો ક્યાંય ચેન જ ન પડે પણ ગણપતિબાપા તો અંતર્યામી. સૌના મનની મુંઝવણ પારખી લે. મીનુની મુંઝવણ પણ પારખી ગયા. ગણપતિબાપા ને થયું, 'મીનુની મુંઝવણ દૂર કરવી જ પડશે.' એટલે એ તો એક વખત મીનુના સપનામાં જઈ ચડયા. સપનામાં જઈને મીનુ કહે, 'મીનુ, એ મીનુ. આંખો ખોલ. મારે તારી સાથે વાત કરવી છે.' મીનુએ આંખો ખોલીને જોયું તો ગણપતિબાપા. મીનુ તો ખૂબ ખુશ થઈ ગઈ. બાપા કહે,'આ તમે લોકો મને એક જગ્યાએ બેસાડો છો પછી ત્યાંથી ઉઠાડતા જ નથી. એમાં મારો તો પગ દુઃખી જાય છે. ને હું તો ચાલી પણ નથી શકતો. દસ દિવસ પછી હું સ્વર્ગમાં જાઉં છું ત્યારે રિદ્ધિ, સિદ્ધિ મારા પગે તેલનું માલિશ કરી આપે છે ત્યારે મારા પગ સારા થાય છે.' મીનુએ ખુશ થતાં થતાં કહ્યું, 'તમે સારું જ કર્યું કે મારા સપનામાં આવ્યા. મારે તમારી સાથે ઘણી વાતો કરવી છે. તમે કંટાળોને ત્યારે તમારે મારી પાસે આવી જવાનું.' બાપા કહે,'ભલે.' પછી મીનુએ પૂછયુ,'બાપા, તમે દસ દિવસ અમારે ત્યાં એટલી મિઠાઈ ખાઓ છો તો તમે બિમાર નથી પડી જતા? તમને ડાયાબિટીસ નથી થઈ જતું?' તો બાપા કહે,'મને તો લાડુ, મોદક બહુ ભાવે. એમાં પણ તમારા જેવાં નાનાં બાળકો પ્રેમથી જમાડે પછી કંઈ બિમાર પડાય? ન જ પડાય ને!' મીનુને તો જવાબ ગમી ગયો. એટલે મીનુએ પૂછ્યુ, ' તમે આટલા ગોળમટોળ અને વજનદાર અને આ ઉંદરમામા તો સાવ નાના. વળી પાછા સુકલકડી, તો તમારો ભાર શી રીતે ઉપાડે ?' તો બાપા કહે,' આ તો મારું શરીર ખાલી ગોળમટોળ અને વજનદાર લાગે છે, પણ છે નહીં. મારું મન તો હળવું ફૂલ જેવું છે. જ્યારે હું ઉંદરમામા પર સવારી કરતો હોઉં ત્યારે મારા મનની જેમ જ હળવોફૂલ જેવો બની જાવ એટલે ઉંદરમામાને કોઈ તકલીફ જ નહીં.' મીનુને આ જવાબ પણ ગમી ગયો. પછી મીનુએ આગળ પુછયું, 'પણ બાપા, અમે તમારી દસ દિવસ પૂજા, આરતી કરીએ અને તમે અમારો ઉદ્ધાર કરો, પછી દસ દિવસ પછી અમે તમને નદી, તળાવ કે સરોવરમાં ડૂબાડી દઈએ તો





તમને જરા પણ ખરાબ ન લાગે.?' તો બાપા કહે,'જરા પણ ખરાબ ન લાગે. ઉલ્ટાનું ખૂબ સારું લાગે. આ દસ દિવસ હું સ્નાન કર્યા વગરનો એક ઠેકાણે બેઠો રહ્યો હોઉં એટલે દસમે દિવસે મને તો પાણીમાં પડવાની ખૂબ મજા આવે. હું તો રાહ જ જોતો હોઉં કે ક્યારે દસ દિવસ પૂરા થાય અને હું ન્હાવા પડું. પેટ ભરીને ન્હાઉં અને પછી જ સ્વર્ગમાં જાઉં.' મીનુને આ જવાબથી પણ સંતોષ થયો. પછી મીનુએ પૂછ્યું,' તમે દસ દિવસ અહીં રહો, તો તમને તમારા મમ્મી, પપ્પાની યાદ ના આવે ? તો બાપા કહે,'યાદ તો આવે જ ને ! પણ તમે બધા હો એટલે મારો સમય પસાર થઈ જાય. પછી હું સ્વર્ગમાં જાઉં એટલે તમારા બધાની મહેમાનગતિની વાતો કરું.' પછી બાપા કહે,'એ વાતો છોડ. મેં સાંભળ્યું છે કે મારા પર એક ફિલ્મ પણ બની છે ?' એટલે મીનુએ ખુશ થતાં થતાં કહ્યું, 'હા બની છે ને ! તમારા જોવી છે ?' તો બાપાએ ખુશ થતા થતાં કહ્યું, 'હા'. એટલે મીનુએ કોમ્પ્યુટર પર ફિલ્મ ચાલુ કરી. ગણપતિબાપાને તો ફિલ્મ જોવાનું ખૂબ મજા પડી. રાક્ષસોના વધના દૃશ્યો આવ્યા એટલે બાપાએ તો મીનુને વિસ્તારપૂર્વક બધી વાત કરી. પછી શંકર ભગવાન અને પાર્વતીમાતાની ફરતે પ્રદક્ષિણાનું દૃશ્ય આવ્યું એ જોઈને ગણપતિબાપાને ઉંદરમામા તો તાળી પાડતા ખૂબ જ ખુશ થઈ ગયા. અચાનક મીનુને થયું કે કોઈ એને દૂરથી બોલાવી રહ્યું છે,'મીનુ, એ મીનુ, સાત વાગી ગયા છે. ઉઠ, નહીતર સ્કુલે જવાનું મોડું થશે.' મીનુની મમ્મી એને જગાડતીતી પણ મીનુ તો ગણપતિબાપા સાથે ફિલ્મ જોવામાં મશગુલ હતી. મીનુની મમ્મીએ એને ઢંઢોળીને ઉઠાડી. પછી સપનું યાદ કરતાં કરતાં મીનુ નાહી ધોઈને તૈયાર થઈ ગણપતિબાપાના મંડપમાં બાપાના દર્શન કરવા ગઈ તો બાપા મીનુની સામે જોઈને મરક મરક હસી રહ્યા હતા. મીનુ પણ બાપાની સામે જોઈને હસવા લાગી અને મનોમન બોલી 'ગણપતિબાપા મોરિયા'.

**(ક) નીચે પૂછેલા પ્રશ્નના જવાબ બાળકોને સમજાવો.**

(૧) મીનુને સોસાયટીમાં ગણપતિબાપાના દસ દિવસના આગમન દરમ્યાન મજા કેમ આવે છે ?

(૨) ગણપતિબાપા અને સ્કૂલની સરખામણી કરતાં મીનુ એ શું વિચાર્યું ?

(૩) મીનુની મૂંઝવણ પારખી ગયા પછી ગણપતિબાપાએ શું કર્યું ?

(૪) ગણપતિબાપાના અહીં દુ:ખતા પગ, સ્વર્ગમાં ગયા પછી પાછા સારા થાય છે, કેવી રીતે ?

(૫) સપનું યાદ કરતાં કરતાં મીનુ મંડપમાં ગઈ તો કેવો અનુભવ થયો ?

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

(૧) મારું __________ તો હળવું ફૂલ જેવું છે.

(૨) તમારા જેવા નાના બાળકો __________ થી જમાડે પછી કંઈ બિમાર પડાય ?

(૩) દસ દિવસ પછી આપણે ગણપતિબાપાનું તળાવ કે નદીમાં ડુબાડીને __________ કરી દીએ.

**(ગ) વિરુધ્ધાર્થી શબ્દ લખો.**

(૧) છોકરી x__________ (૨) એકલા x__________ (૩) ડૂબવું x__________

(૪) વજનદાર x__________ (૫) મોડું x__________

**(ઘ) પ્રવૃત્તિ**

(૧) સફેદ કાર્ડબોર્ડ પર ગણપતિબાપાનું સુંદર ચિત્ર દોરો, ઘરમાં એક દિવાલ પાસે, ટેબલ પર મૂકી ડોકોરેશન કરો, ઉત્સવ ઉજવો.


(૨) ચીકણી માટીમાંથી ઉંદર બનાવો, ગણપતિ મંડપમાં મૂકો.

(૩) તમને ગમતાં મોદક જાતે બનાવો.

# ઉંદરમામાનો ઈતિહાસ

**- શ્રી હેમંતભાઈ**

એક હતા ઉંદરમામા. પીપળાના એક ઝાડ નીચે ઉંદરમામા એમના પરિવાર સાથે સુખૃ-શાંતિથી રહે. ઉંદરમામાના પરિવારમાં ઉંદરમામા પોતે, ઉંદરીમામી અને એમના ચાર બચ્ચાં. બચ્ચાં થોડાં મોટા અને સમજણાં હતા. સ્કૂલમાં પણ જતા હતા. ચારેય બચ્ચાઓમાં સૌથી નાનું બચ્ચું શાંત અને ડાહ્યુંડમરું હતું એને ચીકુ બહુ ભાવે એટલે એનું નામ જ ચીકુ પડી ગયેલું. બીજા બધા બચ્ચાં આખો દિવસ તોફાનમસ્તી કરતા રહે પણ ચીકુને હંમેશા કંઈ નવું નવું કરવાનું મન થયા રાખે. એક વખતની વાત છે. ઉંદરમામા એક પુસ્તકમાં કંઈક લખતા હતા. એ જોઈને ચીકુએ પૂછ્યું,'પપ્પાજી, તમે શું લખો છો ?' એટલે ઉંદરમામાએ કહ્યું,'ચીકુ બેટા, આ આપણો સો વર્ષ જૂનો ઈતિહાસ છે.' તો ચીકુએ પૂછ્યું,'ઈતિહાસ એટલે શું ?' તો ઉંદરમામાએ કહ્યું,'આપણા જીવનમાં એવુ કંઈ બને જે અલગ હોય, જે ક્યારેય ન બન્યું હોય. આપણાથી ક્યારેય ભૂલ થઈ હોય, ક્યારેક સારું કામ થયું હોય તો એ આપણે લખી લઈએ. એ આપણો ઈતિહાસ.' તો ચીકુએ પૂછયું,' હું એ વાચું.' તો ઉંદરમામાએ કહ્યું,'જરૂર વાંચો. એમાંથી આપણને ઘણું જાણવા મળે. શીખવા મળે. મારા પછી એ કામ તમારે જ કરવાનું છે. એટલે જ તો અમે તમને સ્કૂલમાં મોકલાવીએ છીએ કે તમે લખી, વાંચી શકો. આપણે લખીએ તો જેમ આ પુસ્તક આપણને કામ લાગે છે એમ આપણી હવે પછીની પેઢીઓને કામ લાગતું રહે.' ચીકુને તો એ ખૂબ જ ગમ્યું. એણે તો પુસ્તક વાંચવાનું શરૂ કરી દીધું.



એક ઠેકાણે એક ઉંદરે લખ્યું હતું કે એને સપનું આવેલું કે ગણપતિબાપાનો ખાસ ઉંદર રજા પર જવાનો હતો એટલે એ ઉંદરને ગણપતિબાપાએ સવારી માટે બોલાવેલો. ગણપતિબાપાને પોતાની પીઠ પર બેસાડવાની એ ઉંદરને ખૂબ મજા આવી એટલે એ ઉંદર ખૂબ ખુશ હતો. તો બીજે ઠેકાણે કોઈ ઉંદરે, ઉંદર બિલાડીની ભાગમદોડની વાતો લખેલી તો ત્રીજે ઠેકાણે વળી કોકે બિલાડીના ગળામાં ઘંટ બાંધવાની વાત લખેલી. તો વળી એક ઠેકાણે જે ઉંદરે, સિંહને શિકારીની જાળમાંથી છોડાવેલો એની વાત લખેલી. આમ આ બધું વાંચવાની તો ચીકુને મજા પડી ગઈ. પછી સાત પૂંછડીવાળો ઉંદર હોઈ શકે ? એટલે ચીકુએ તો ઉંદરમામાને પૂછ્યું કે,' શું સાત પૂંછડીવાળો ઉંદર હોય ? તો ઉંદરમામાએ કહ્યું કે,'ઘણાં વર્ષો પહેલાં આપણાં શ્રી ગણેશવ્રતનો રિવાજ હતો.' તો ચીકુએ પૂછ્યું,'શ્રી ગણેશવ્રત એટલે શું ?' તો ઉંદરમામાએ કહ્યું,'ચોમાસું બેસે અને પહેલો વરસાદ આવે એટલે માટી પલળીને ગારો થઈ જાય તો એ ગારામાંથી દરેક ઉંદરે ગણપતિબાપાની મૂર્તિ બનાવવાની અને પોતાની પીઠ પર લઈને ફરવાનું. એક આખો દિવસ અને એક આખી રાત એમ ખાધા પીધા વગર, સાચા મનથી કરવાનું.' તો ચીકુએ પૂછયું,'એનાથી શું થાય ?' તો ઉંદરમામાએ કહ્યું,'એનાથી ગણપતિબાપા પ્રસન્ન થાય અને આપણને જે જોઈતુ હોય તે આપે અને ગણપતિબાપા જેના પર પ્રસન્ન થાય એને જ દેખાય બીજા કોઈનેય ન દેખાય. એ ઉંદર પર ગણપતિબાપા પ્રસન્ન થયા એટલે એ ઉંદરે સાત શક્તિઓ માંગી.' તો ચીકુએ પૂછયું,'સાત શક્તિઓ ? એ વળી કઈ ?' તો ઉંદરમામાએ કહ્યું,'એ સાત શક્તિઓ આ પ્રમાણે હતી. (૧) અમારા પરિવારમાંથી કોઈપણ કોઈના પણ ઘરમાં જાય તો એને પૂરતુ ખાવાનું મળી રહે. (૨) બિલાડી અમને પકડવા આવે તો અમને પહેલેથી એની જાણ થઈ જાય (૩) વધુ વરસાદને કારણે પૂર આવે તો અમને કંઈ ન થાય. (૪) જ્યારે પણ તમારો ખાસ ઉંદર રજા પર જાય ત્યારે તમારી સેવા કરવાનો મોકો અમારા પરિવારમાંથી કોઈને મળે. (૫) સાપ અને નાગ અમારા પાક્કા મિત્રો બની રહે. (૬) અમે ક્યારેય કોઈપણ જાતના પાંજરામાં ન પૂરાઈએ અને (૭) કોઈપણ જાતના ચીકણા પદાર્થમાં અમે ન ચોંટી જઈએ. તો ગણપતિબાપાએ સાત પૂંછડી આપી ને કહ્યું કે,'આ સાત પૂંછડીઓ તારા માટે સાત શક્તિનું કામ કરશે.' એ ઉંદરને સાત પૂંછડીઓ તો મળી પણ બધાં એને ચિડાવતા એટલે એણે ધીરે ધીરે બધી પૂંછડીઓ કપાવી નાખવી પડી.' તો ચીકુએ પૂછયું,'પણ એક પૂંછડીવાળા તો બધા ઉંદર હોય તો પછી જ્યારે એ ઉંદરે છ પૂંછડીઓ કપાવી નાખી અને એક જ પૂંછડીવાળો બની ગયો તો એને ચિડાવવાની શી જરૂર ?' તો ઉંદરમામાએ કહ્યું,'બેટા, આપણાં સમાજમાં જેને એક વખત

લોકો ચિડાવવાનું શરૂ કરે પછી એનો પીછો નથી છોડતા, ચિડાવવા જેવું ન હોય તો પણ એને ચિડાવવાનો આનંદ લેતા હોય છે.' ચીકુએ વાત તો સાંભળી પણ એને તો ચેન જ ન પડે એને થયું કે મને પણ સાત પૂંછડીઓ ઉગે. પણ મને જો સાત પૂંછડીઓ ઉગશે અને સ્કૂલમાં મિત્રો ચિડાવશે તો હું કંઈ મારી પૂંછડીઓ કપાવી નહીં નાખું. હું તો પૂંછડીઓ રાખીશ.

ચીકુ ચોમાસાની રાહ જોવા લાગ્યો. ચોમાસુ આવ્યું એટલે એણે સાચા મનથી શ્રી ગણેશવ્રત કર્યું. ગણપતિબાપા પ્રસન્ન થયા એટલે ચીકુએ પણ એ જ સાત શક્તિઓ માંગી. ગણપતિબાપાને કહ્યું,'આની પહેલાં પણ એક ઉંદરને મેં સાત શક્તિઓ આપેલી પણ એ સંભાળી ન્હોતો શક્યો.' તો ચીકુએ કહ્યું,'ગણપતિબાપા, હું કોઈનાથી ડરતો નથી એટલે બધા મને ચિડાવશે તો પણ હું મારી પૂંછડીઓ નહીં કપાવી નાખું.' ગણપતિબાપો કહ્યું,'તથાસ્તુ. એમ જ થશે પણ તારે તારો વિચાર બદલવો હોય તો મને સૂર્યોદય પહેલા યાદ કરજે. હું આવી જઈશ.' 'સારું' ચીકુએ કહ્યું અને જોતજોતામાં તો ચીકુને બીજી છ પૂંછડીઓ ઉગી ગઈ. ચીકુ સાત પૂંછડીવાળો બની ગયો એટલે ખૂબ ખુશ થઈ ગયો. એના ઘરમાં પણ બધા ખુશ થઈ ગયા. જોતજોતામાં તો બધે આ વાત ફેલાઈ ગઈ. દેશ વિદેશના ઉંદરડા ચીકુને જોવા આવવા લાગ્યા. શરૂઆતમાં ચીકુને મજા પડી ગઈ પણ પછી એ ખૂબ ત્રાસી ગયો. સાત પૂંછડીઓને કારણે એ બરાબર ચાલી પણ નહોતો શકતો. સ્કૂલમાં તો બધા ચિડાવતા'તા પણ આજુબાજુવાળા પણ એને જોઈને હસતા'તા. બીજા ઉંદરોને તો જાણે ચીકુને હેરાન કરવાનું બહાનું મળી ગયું. કોઈ એની પૂંછડી પર બેસી જાય તો કોઈ એની પૂંછડી ખેંચે તો વળી એની પાછળ પાછળ એના ચાળા પાડતું ચાલે. ચીકુને થયું,'કોઈ ઉંદર ને પણ હેરાન ન કરી શકે એવી પણ એક શક્તિ ગણપતિબાપા પાસે માંગવાની જરૂર હતી. પણ હવે શું થાય!' એ ખૂબ ઉદાસ રહેવા લાગ્યો. ઉંદરમામા અને ઉંદરીમામી સમજી ગયાં. એમણે ચીકુને મજાકમાં પૂછયું, 'ચીકુ બેટા, એકાદી પૂંછડી કપાવી નાખવી છે?' ચીકુએ ગુસ્સામાં મોઢું ફુલાવી ને ના પાડી. પણ બીજે દિવસે સૂર્યોદય પહેલાં ગણપતિબાપાને યાદ કર્યા એટલે ગણપતિબાપા આવ્યા. ચીકુ એ કહ્યું,'ગણપતિબાપા, આ વધારાની પૂંછડીઓ તમે પાછી લઈ લો. હું તો ત્રાસી ગયો છું.' ગણપતિબાપા તો ખડખડાટ હસવા લાગ્યા અને બોલ્યા,'તથાસ્તુ' તરત છ પૂંછડીઓ ગાયબ થઈ ગઈ. ચીકુ પાછો પહેલા જેવો બની ગયો. એણે આ આખો પ્રસંગ ઈતિહાસમાં લખી લીધો.

**(ક) નીચે પૂછેલા પ્રશ્નના જવાબ બાળકોને સમજાવો.**

(૧) ઉંદરમામા અને તેમના પરિવારનું વર્ણન કરો ?

(૨) ઈતિહાસ એટલે શું ?ચીકુના સવાલનો ઉંદરમામાએ શું જવાબ આપ્યો ?

(૩) કોની જાળમાં કોણ ફસાયું હતું ? તેને જાળમાંથી કોણેબચાવ્યો ?

(૪) ઉંદર પર પ્રસન્ન ગણપતિબાપાએ શું આપ્યું અને શું કહ્યું ?

(૫) સાત પૂંછડી સાથે ચીકુ કેમ ત્રાસી ગયો હતો ?

**(ખ) નીચેના વિધાનો ખરા (✔) છે કે ખોટા (✗)**

(૧) બિલાડીના ગળામાં ઘંટ બાંધવાની વાત લખેલી.

(૨) સાપ અને નાગ સામે લડવાની અમને શક્તિ મળે.

(૩) ચિકુ કુલ આઠ પૂંછડીવાળો બની ગયો.

**(ગ) સમાનાર્થી શબ્દ લખો.**

(૧) જરૂર = ________ (૨) ગુસ્સો = ________ (૩) ખૂબ = ________

(૪) પુસ્તક = ________ (૫) ચોમાસું = ________

**(ઘ) પ્રવૃત્તિ**

(૧) ગણપતિ મંડપમાં ચીકણી માટીમાંથી વાજિંત્રો વગાડતા સાત ઉંદર બનાવી મૂકો.

(૨) ઉંદર પર બેઠેલા ગણપતિનું ચિત્ર દોરો.

(૩) તમારી રોજની ખાસ વાતો, ઘટના એક ડાયરીમાં વાર, તારીખ સાથે લખવાનું ચાલુ કરો.

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે મે ૨૦૨૧ના તથા જૂન ૨૦૦૧ માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, આંખ, માનસિક, ઓર્થોપેડીક, સોનોગ્રાફી, મોબાઈલવાન, ફીઝીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૭૫૯૭ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૧૨૪૫ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૩૬૮૯ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૪, માઈનોર ૦૬, ગા.નેક મેજર ઓપરેશન ૨૩, માઈનોર ૦૯, ઈએનટીના માઈનોર ઓપરેશન ૪૮ તથા ઓર્થોપેડીકમાં મેજર ૧૫ તથા માઈનોર ૭૨ તેમજ આંખના મેજર ૧૪૫ ઓપરેશનો કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧) **છારીનો કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૧૮-૦૬-૨૦૨૧ના રોજ તથા તા. ૧૬-૭-૨૦૨૧ના રોજ ૩૮ દર્દીઓની આંખમાંથી છારી રાહત દરે કાઢવામાં આવેલ.

૨) **ઈકો કેમ્પ :** તા. ૧૦-૬-૨૦૨૧ના રોજ ૫૩ તથા તા. ૧-૭-૨૦૨૧ના રોજ ૪૩ તથા તા. ૧૫-૭-૨૦૨૧ના રોજ ૬૫ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે મે ૨૦૨૧ તથા જુન ૨૦૨૧ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ૩૧૮૭ દર્દીઓએ તથા એક્ષ રે વિભાગમાં એક્ષ રે અને એક્ષ રે રીપોર્ટીગમાં રૂા. ૨૩૦/- ની માફી ૧૯૨૭ દર્દીઓ તેમજ પેથોલોજી વિભાગમાં ૩૦૦૬ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૩૧૫૨૪/- ની દવા માફી તેમજ લેબોરેટરીમાં રૂા. ૧૦,૬૧૦/- ની માફી તેજમ ઈન્ડોરમાં રૂા ૧૧૪૬૩૦૦/- ની માફી કરવામાં આવેલ છે. તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્યો યોજના અંતર્ગત ડાયાલીસીસના ૨૫ દર્દીઓએ લાભ લીધેલ છે. જેના રૂા. ૬૨૫૦૦/- ફી કરવામાં આવેલ છે.

**-: શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-**

| | | |
|---|---|---|
| ૧) | શ્રીમતી છાયાબેન રોહીતભાઈ કડકીઆ (મલમ) | રૂા. ૧૧૧૧૧૧/- |
| ૨) | શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) | રૂા. ૧૦૦૦૦૦/- |
| ૩) | શ્રી હર્ષિત વિપુલ ગાંધી | રૂા. ૫૧૦૦૦/- |
| ૪) | શ્રી સુરેન્દ્ર ચીમનલાલ પરીખ | રૂા. ૫૧૦૦૦/- |
| ૫) | શ્રી એક શુભેચ્છક દાતા | રૂા. ૫૦૦૦૦/- |
| ૬) | શ્રી તુષાર જે. કડકીઆ | રૂા. ૫૦૦૦૦/- |
| ૭) | શ્રી સમીર રમેશ દેસાઈ | રૂા. ૫૦૦૦૦/- |
| ૮) | શ્રીમતી બીન્દુ નિલેષ ધારીઆ અને શિલા દીપક મોદી | રૂા. ૨૫૦૦૦/- |
| ૯) | શ્રી અમીત વસંતલાલ પારેખ અને પ્રેમલ વસંતલાલ પારેખ | રૂા. ૨૫૦૦૦/- |
| ૧૦) | શ્રીમતી કુસુમબેન નટવરલાલ મહેતા | રૂા. ૨૧૦૦૦/- |
| ૧૧) | શ્રી પંકજ બાબુલલા ધારીઆ | રૂા. ૨૧૦૦૦/- |
| ૧૨) | શ્રી શરદ હરીદાસ કોટક | રૂા. ૨૧૦૦૦/- |
| ૧૩) | શ્રીમતી સુભદ્રાબેન સુરેશભાઈ શેઠ | રૂા. ૨૦૦૦૦/- |
| ૧૪) | શ્રી નિલેષ નવનીતલાલ ધારીઆ | રૂા. ૧૫૦૦૦/- |
| ૧૫) | શ્રી મૌલિક ભરતકુમાર તોલાટ | રૂા. ૧૧૦૦૦/- |
| ૧૬) | શ્રી મયુર પ્રવીણચંદ્ર શાહ | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૭) | સીક્યુરીટી બ્રીજ ઈન્ફોસેક પ્રા.લી. | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૮) | શ્રી સુરેન્દ્ર બાબુલાલ ગાંધી | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૯) | શ્રી નિતિન જયંતિલાલ પરીખ | રૂા. ૧૦૦૦૦/- |

**-: શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-**

| | | |
|---|---|---|
| ૧) | ચંદનબેન ગોકળદાસ ગાંધી | રૂા.૨૦૦૦૦૧/- |
| ૨) | પ્રાશોલ કેમીકલ્સ લી. હ. શ્રી ગૌરાંગ નટવરલાલ પરીખ | રૂા. ૧૦૦૦૦૦/- |
| ૩) | શ્રી ચેતનભાઈ રમણીકલાલ ધારીઆ | રૂા. ૧૦૦૦૦૦/- |
| ૪) | કુ. આશના ગોરડીયા | રૂા. ૫૦૦૦૦/- |
| ૫) | વૈશાલી અભય દોશી (દુબઈ) | રૂા. ૨૫૦૦૦/- |
| ૬) | શ્રીમતી ઉર્વી કડકીઆ | રૂા. ૨૫૦૦૦/- |
| ૭) | શ્રી પ્રણય રાજેન્દ્ર દેસાઈ | રૂા. ૨૫૦૦૦/- |
| ૮) | શ્રીમતી બીજલ બાલા | રૂા. ૧૮૦૦૦/- |
| ૯) | શ્રીમતી પ્રાચી | રૂા. ૧૦૦૦૦/- |
| ૧૦) | બીંદી ચેતન ધારીઆ | રૂા. ૫૦૦૦/- |

ઉપરોક્ત નામો કુલ રૂા. ૧૩૫૦૦૦૦ /- ના દાનમાં આવેલ છે. બાકીના દાતાઓએ ઓળખ જાહેર કરેલ નથી. આ દાન બીંદી ચેતન ધારીઆના પ્રયાસોથી મિલાપ ફાઉન્ડેશન મારફત મળેલ છે. સંસ્થા બીંદીબેનનો આભાર માને છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં વધુ નોંધાયેલ દાન :-**

૧. શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (જનસાથી)
૨ શ્રીમતી વીરમતી નટવરલાલ મોદી (જનસાથી)
૩. શ્રી ચંદુલાલ મગનલાલ પરીખ (સરકાર)
૪. શ્રીમતી રમતીબેન ચંદુલાલ પરીખ (સરકાર)
૫. શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
૬. શ્રી નવીનચંદ્ર ચંદુલાલ પરીખ (સરકાર)
૭. શ્રીમતી શાંતાબેન મોહનલાલ દોશી (પુત્રી)
૮. શ્રીમતી કોકીલાબેન લક્ષ્મીદાસ મોદી (પુત્રી)
૯. શ્રીમતી લતાબેન ચંદ્રકાંત કડકીઆ (ધંગેલા)

ઉપરોક્ત ૯ (નવ) મિતિ હ. શરદભાઈ નટવરલાલ દેસાઈ તરફથી મળેલ છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજ માટે જાહેર કરેલ યોજનાઓનો પ્રતિસાદ આવકાર્ય છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામા**
**રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી**
ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**શ્રી નિતીન પરીખ/શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

**મકાન વેચવાનું છે**

**શ્રી કૃપા રોકડિયાની શેરી**
**બાલાસિનોર**

**સંપર્ક :**
**રાજેશ જશવંતલાલ પરીખ**
**૯૮૨૧૧૧૭૭૮૮**

# બાલાસિનોર વિદ્યા મંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માતબર દાન નીચે જણાવેલ દરિયાદિલ દાતા તરફથી મળ્યું છે.

**૧) ૧૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અગિયાર લાખ પુરા)** ના માતબર દાનનું વચન અષાઢ સુદ-૨ રથયાત્રાના પવિત્ર દિવસે માનીકોશી વિંગ માટે **શ્રીમતી કોકીલાબેન શિરીષભાઈ મોદીના સ્મરણાર્થે** (સૌજન્ય સુપુત્રો શ્રી મનીષ અને નિખીલ મોદી) શ્રીજી સાયન્સ કોલેજ અને વાડાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ M.S.W. કોલેજના નવ નિર્મિત મકાનના પ્રથમ માળની જમણી બાજુની વિંગ માટે મળ્યું છે.

બાલાસિનોર વિદ્યામંડળ અગાઉ છ વિંગ માટે દાનની ટહેલ નાખી હતી તેના અનુસંધાનમાં ત્રણ વિંગનું દાન મળ્યું છે, અને ત્રણ વિંગનું દાન મેળવવાનું બાકી છે.

**૨) શ્રી નટવરલાલ સાકરલાલ દેસાઈ હસ્તે શ્રી શરદભાઈ નટવરલાલ દેસાઈ** તરફથી રૂપિયા ૧૦૦૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) નું દાન નોટબુક યોજના માટે મળ્યું છે.

દાન માટે સહકાર સમિતિનો સંપર્ક કરવો.

**૧. શ્રી ઉર્વીશભાઈ મોદી (દેવ) - ૯૮૨૦૦૬૦૩૦૮**

**૨. શ્રી વસંતભાઈ મોદી (વીમાવાળા) - ૯૮૬૯૧૦૨૭૭૯**

સંસ્થાવતી સૌ કારોબારી સભ્યો અને દાતા પરિવારનો ખુબ ખુબ આભાર.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

**પ્રકીર્ણ વિભાગ**

## નવા સરનામા

**આભા (સોનલ) ઉદય શાહ**
૫/૫૦૩, ન્યુ શિવલીલા કો.ઓ.હા.સો.લિ.
૫૭ અલીભાઈ પ્રેમજી રોડ, પાર્સલ ડેપો સામે,
ગ્રાન્ટ રોડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૦૭

## બાલાસિનોરનુંગૌરવ

D **શ્રી મયુર દિનકરલાલ મોદી (સારંગી)** ને અમેરિકન ગવર્મેન્ટે `President's Life Time Achievement Award' આપીને એમનું બહુમાન કર્યું છે.

આ એવોર્ડ તેમને નેશન સ્ટ્રોંગ બને તે ઉદ્દેશથી સ્વયંસેવક તરીકે કામ કરીને પ્રાપ્ત કર્યું છે.

સંસ્થા વતી તેઓને અભિનંદન.

## જ્ઞાતિ ગૌરવ

**શ્રી પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લઠ્ઠાપારેખ)** વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે ઈલેક્ટ્રીક મર્ચન્ટ એશોશીએસનના પ્રમુખ થવા બદલ સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન

## તેજસ્વી તારલા

- D **નિકીતા રાકેશ કડકીઆ** UCR School of Medicine, California, U.S.A. થી M.D. માં ઉત્તીર્ણ થયા છે.
- D **હીલોની રાકેશ કડકીઆ** Cal Poly Pomona, California, U.S.A. થી Bachelor of Science in Biotechnology માં ઉત્તીર્ણ થયા છે.
- D **રોમિત સંજય શાહ** UE Forvine, Califonia USA થી Master in Computer Science માં ઉત્તીર્ણ થયા છે.
- D **નિરવી ભૂમિકા ચિરાગ પરીખ** HSC. Science માં ૯૫.૫ % થી ઉત્તિર્ણ થયા છે.
- D **ભાર્ગવ સંદિપ દેસાઈ** T.Y.B.Com-Accounting & Finance માં ૫૬૧/૬૦૦ થી ઉત્તિર્ણ થયા છે.
- D **ટીશા નિમિષ દેસાઈ** HSC S.Y.J.C. Commerce માં ૯૩.૬૬ % સાથે ઉત્તિર્ણ થયા છે.
- D **વિજીત જસ્મિન શેઠ** HSC S.Y.J.C. Commerce માં ૫૧૮/૬૦૦ થી સાથે ઉત્તિર્ણ થયા છે

સંસ્થા વતી સૌને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| D દીપિકાબેન જસવંત પરીખ (પાયડાવાલા) | ૭૨ |
| D શોભનાબેન રતીલાલ શાહ (સનાદ્રાવાલા) | — |
| D પન્ના સુરેશ પરીખ | ૭૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

Publishing day 20th of every month

40

JYOTI PUNJ - August - 2021

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.